REGISTERED B.NO. 53 નવી સાલનું લવાજમ આવશે તેને ચોપાનીયું મોકલાશે.

# રાહે નજાત



| | |
|---|---|
| કિતાબ ૧૫ મી | માહે શાઅબાન |
| હીસ્સો ૧૦ મો. | સંન હી૦ ૧૩૨૫. |

શીઓંકે વાસ્તે યેહી 'રાહેનજાત' હે=પડકર અમલ કીયા કરો જબતક હયાતહે*
લાએગા વેહ યકીન કે જો ખુશસીફાતહે=ખિઝરે રહે બેહિશ્ત યેહ રાહેનજાતહે*

## સાંકળીઓ.


| | |
|---|---|
| ૧–જરૂર વાંચો | ૨૮૯ |
| ૨–આવતા માસનું પંચાંગ. | ૨૯૦ |
| ૩–પથ્થરમાં હીરો | ૨૯૧ |
| ૪–પસ્ચુરણ. | ૨૯૨ |
| ૫–મેઅરાજુસ્સઆદહ. | ૨૯૩ |
| ૬–ઝમાનાનો રંગઢંગ | ૨૯૭ |
| ૭–હમલએ હૈદરી. | ૩૦૮ |
| ૮–૯૦ મેહદી અ૦ | ૩૧૩ |
| ૯–૯૦ વહયા અ૦ અને શયતાન | ૩૧૭ |
| ૧૦–જુદી જુદી હદીસે. | ૩[illegible] |
| ૧૧–વધારો. | ૫૭ થી ૬૦ |


જનાબે પંજેતને પાક
અલયહે મુસસલા
મના સલકાલા

પ્રગટ કરનાર
હાજી ગુલામઅલી
હાજી ઈસમાઈલ

અધીપતી રાહેનજાત
અને નુરેઈમાન
અમદાવાદ–પાચપટી

કીમત
વરસના રૂ. ૨.
આગાઉથી વી૦ રૂ. ૨ા

હસનાઅશરી પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.


હીરજી સેઠ... લાઈબ્રેરી
હાજીભાઈ માસ...
માળીયા (મીયાણા)

## મરહુમોને લાભ પહોંચતો અટકાવ્યો !

લવાજમ વસુલ કરવા અમોએ ચાર મહીનાથી દરેક વખતે જાહેર કરેલ કે માહે રજબની ૧ લી તારીખ સુધી તમામ ગ્રાહકો લવાજમ મોકલી આપશે તો મરહુમ ગ્રાહકો વી૦ ને અમુક અમુક ફૈઝ પહોંચાડીશું જે કીમતે ઘણી સારી બાબતોની સાત કલમો લખેલી, પણ અફસોસ છસો ગ્રાહકોમાંથી આશરે વીસ ગ્રાહકે નવી સાલનું લવાજમ મોકલ્યુ, બીજાઓએ દાદ આપી નહીં તેથી એ લાભ થતા અટકયા. અગર પોણા ભાગનું લવાજમ આવતે તો પણ અમો હીમ્મત કરતે એ તો ઠીક પણ ચાલુ સાલનું લવાજમ હજુ સુધી ઘણા જણનું ન આવવાથી હીંદુસ્તાનવાળાઓને વી. પી. કર્યું તે ચાળીસ પચાસ સાહેબોએ પાછા ફેરવ્યા, અને આફ્રીકાવાળાઓ જવાબ આપતા નથી, એ છતાં કે કેટલાંક મહીનાથી ખુદા અને પંજેતને પાક અંગના વાસ્તા આપીને અરજ કરીએ છીએ કે ચોપાનીયા રાખવાની ગરજી ન હોય તો પોસ્ટ કાર્ડથી ખબર આપો તો પણ ખબર આપી નહીં.

ખેર હવે તો ઘણા કારણોથી કંટાળી ગયા છીએ માટે લવાજમ પહેલું આવશે તોજ ચોપાનીયા મોકલીશું.

## આ માસીક વીશે નવા કાયદા.

### આ નવા કાયદા વાંચ્યા પછી બીજું વાંચવું એ ઈલ્તેમાસ છે.

લવાજમ માટે હરવખત પોકાર પાડવો પડે છે તે પોકાર બંધ કરવા નીચે મુજબ કાયદા ઘડયા છે, તેથી જો કે શરૂઆતમાં ગ્રાહકો ૬૦૦ ના ૪૦૦ માંડ રહેશે પણ ઇન્શાઅલ્લાહ આગળ જતા વધશે, અને લવાજમનો પોકાર પાડવો નહીં પડે.

૧—આફ્રીકાવાળા મનીઆડર, ચેક, માલ પોસ્ટ, સોનાની પત્રી વી૦ થી પહેલેથી લવાજમ પહોંચતું કરશે તોજ નવા વરસના ચોપાનીયા મોકલવામાં આવશે. અને હીંદુસ્તાનવાળાને ૧ લો અંક વી. પી. કરી વસુલ કરી લેશું.

૨—ચાલુ ૧૫ મા સાલનું લવાજમ વસુલ કરવા ગયો અંક હીંદુસ્તાનવાળાને વી. પી. કર્યો હતો, અને આફ્રીકા વી૦ વાળાને તાકીદે મોકલવા અરજ કરીએ છીએ.

૩—આફ્રીકા વી૦ વાળા પાસેથી હવેથી સાહેબજાતના સવા બે રૂપીઆ. અને તુરેઈમાનનો દોઢ રૂપીઓ, બન્ને લેનારના રૂ ૩ાા હીંદુસ્તાનવાળાના સાહેબજાતના બે રૂપીયા, તુરેઈમાનનો સવા રૂપીયો બન્ને લેનારના રૂ.૩

☞ આ ઉપરના કાયદા મુજબ અમલ કરવા રાજી ન હોય તેઓને બહુજ નમ્રતાપુર્વક ખુદા અને પંજેતને પાકનો વાસ્તો આપી અરજ કે તાકીદે અમારો ચડેલ હક મોકલીને એક પોસ્ટ કારડથી ખબર આપો, એટલે તેટલા ચોપાનીયા ઓછા છપાવીએ, કેમકે વધારે છપાવાથી ઢગલા થાય છે.

લ૦ હાજી-નાજી.

બિસમિલ્લાહિર રહેમાનિર રહીમ.

માસીક

રાહે નજાત.

અલ્લાહુમ્મ સંલ્લેઅંલા મોહંમ્મદ વ આલે મોહંમ્મદ

ચોપાન્યું.

(કિતાબ ૧૫ મી.) તા૦ ૧ લી માહે શાઅબાન સન ૧૩૨૫ હી૦ (હિસ્સો ૧૦ મો.)

# જરૂર વાંચો.

લવાજમની બુમો બંધ કરવા માટે જે ઈલાજ શોધી કાઢયો તે જો કે અમોને ઘણો નુકસાનકારક છે, તોપણ ઇ૦ આગળ જતાં એ ખોટ પુરી થવા ઉમ્મેદ છે તેથી એ ઈલાજ જારી કરીશું.

તે એકે હીંદુસ્તાનવાળાને ઈ૦ આવતી નવી સાલનું લવાજમ અગાઉથી વસુલ કરવા પહેલા અંકથી ત્રીજા અંક સુધી વી. પી. કરીને વસુલ કરીશું.

આફ્રીકાવાળાઓનું ખાતાવાળા શીવાય બીજાઓનં લવાજમ પહેલે આવશે તોજ નવી સાલના ચોપાન્યા મોકલીશું.

## આવતા માહે રમઝાનનું ઇસ્લામી પંચાંગ, સન ૧૩૨૫ હીજરી.

[ બીજ વખતે વેહલી મોડી દેખાય કે સાબીત થાય તે અમલ કરનારે હીસાબ કરવો. ]

સંવત ૧૯૬૩ના આસો સુદ ૨ થી ૧૯૬૪ ના કારતક સુદ ૨ સુધી.
ઇસવીસન ૧૯૦૭ તા૦ ૯ અકટોમ્બરથી તા૦ ૭ નવેમ્બર સુધી.

| વાર. | ઇસ્લામી તારીખ | ઇંગ્રેજી તારીખ | ગુજરાતી તારીખ | જાણવા જોગ બાબતો. |
|---|---|---|---|---|
| બુધ | ૧ | ૯ | ૨ | પહેલી રાતરે વહેતા પાણીમાં ગુસલ કરવું, ૩૦ ચબકા પાણી માથા ઉપર નાંખવું સુન્નત છે. ઇમામે હુસયન અ૦ ની ઝીયારત પડવી સુન્નત છે. |
| ગુરૂ | ૨ | ૧૦ | ૩ | |
| શુકર | ૩ | ૧૧ | ૪ | હ૦ઇસાઅ૦ઉપર 'ઇનજીલ'નાઝીલથઇછે,હ૦ઇબ્રાહીમઅ૦ઉપર'સહીફે'નાઝીલથએ છે |
| શની | ૪ | ૧૨ | ૫ | પરચુરણ બાબતો. — આ મહીનાની ૩–૨૦–૨૪ મી તારીખ નહસેઅકબર એટલે બહુજ ખરાબ છે. — આ મહીનામાં ૨–૩–૪ તારીખે કમરદરઅકરબછે — આ મહીનામાં રોઝા ખોલાવવાનો ઘણો સવાબ છે. |
| રવી | ૫ | ૧૩ | ૬ | |
| સોમ | ૬ | ૧૪ | ૮ | |
| ભોમ | ૭ | ૧૫ | ૯ | |
| બુધ | ૮ | ૧૬ | ૧૦ | |
| ગુરૂ | ૯ | ૧૭ | ૧૧ | |
| શુકર | ૧૦ | ૧૮ | ૧૨ | હીજરી સન ૧૦ માં જનાબે ખદીજતુલ કુબરાની વફાત છે. |
| શની | ૧૧ | ૧૯ | ૧૩ | |
| રવી | ૧૨ | ૨૦ | ૧૪ | |
| સોમ | ૧૩ | ૨૧ | ૧૫ | |
| ભોમ | ૧૪ | ૨૨ | ૧ | |
| બુધ | ૧૫ | ૨૩ | ૨ | હ૦ ઇમામે હસન અ૦ ની હીજરી સન ૩ માં વીલાદત છે |
| ગુરૂ | ૧૬ | ૨૪ | ૩ | |
| શુકર | ૧૭ | ૨૫ | ૪ | બદરની લડાઇ થઇ છે. |
| શની | ૧૮ | ૨૬ | ૫ | હ૦ દાઉદ અ૦ ઉપર ઝબુર નાઝીલ થઇ છે, આજે હ૦અલી અ૦ને ઝખમ લાગવાની રાત છે પહેલી શબેકદર છે |
| રવી | ૧૯ | ૨૭ | ૬ | હ૦ અલી અ૦ ને આજે સવારે ઇબ્ને મુલજીમ મલઉને તલવાર મારી છે |
| સોમ | ૨૦ | ૨૮ | ૭ | સને ૮ હીજરીમાં મક્કા ફતેહ થએલ છે હ૦ અલીએ બુત તોડયા છે આજે બીજી શબેકદર અને હ૦ અલી અ૦ ની શહાદતની રાત છે. |
| ભોમ | ૨૧ | ૨૯ | ૮ | આજેહ૦અલીઅ૦સને૪૦હી૦માંશહાદતપામ્યાછે. હ૦ ઇસાઅ૦ આજે આસમાનપર ગયાછે. હ૦મુસા અ૦અને હ૦ યુશાઅ૦ આજે વફાત પામ્યા છે |
| બુધ | ૨૨ | ૩૦ | ૯ | આજે ૩જી શબેકદરછે અને ૨૩ મી રાતના શબેકદર હોવાના ઘણી દલીલો છે |
| ગુરૂ | ૨૩ | ૩૧ | ૧૦ | ચેતવણી. શબેકદર ૧૯–૨૧–૨૩ મી રાતે છે અને અમોએ ૧૮–૨૦–૨૨ મીના ખાનામાં એટલા માટે લખેલ છે કે ૧૮ મી તારીખે રાત થાય તેજ ૧૯ મી રાત ગણાય ઇત્યાદી. |
| શુકર | ૨૪ | ૧ | ૧૧ | |
| શની | ૨૫ | ૨ | ૧૨ | |
| રવી | ૨૬ | ૩ | ૧૩ | |
| સોમ | ૨૭ | ૪ | ૧૪ | |
| ભોમ | ૨૮ | ૫ | ૩૦ | |
| બુધ | ૨૯ | ૬ | ૧ | આજે માહે રમઝાનની છેલ્લી રાત ઇબાદત કરવાની છે |
| ગુરૂ | ૩૦ | ૭ | ૨ | આજે ઇદની રાત અને રોઝાની મજુરી મળવાની રાત છે |

# એક હબશી ગુલામ અથવા પથ્થરમાં હીરો.

ઝોહરૂર રીયાઝને આધારે એક હીકાયત લખેલી છે કે એક વખત મક્કએ મોઅઝ્ઝમામાં વરસાદ થયો નહીં અને દુકાળ પડયો, તેથી મક્કાના રહેનારા અરફાતમાં ગયા અને વરસાદની દોઆ માગી પણ કોઇની દોઆ કબુલ થઇ નહીં અને વરસાદના ચીન્હ પણ થયા નહીં, રાવી કહે છે કે બીજે અઠવાડીએ અમો અરફાત ગયા તો જોયું કે મજમામાં એક કળો હબશી દુબળો પાતળો છે તેણે બે રકાત નમાઝ પડીને સીજદામાં જઇને દોઆ કરી કે "બે ઇઝ્ઝતેક લાઅરફઓ રાસી મેનસ્સોજુદે આલમ તસ્કે એબ્બાદક" એટલે અએ ખુદાવંદા તારી ઇજ્જત અને જલાલની કસમ જ્યાં સુધી તુ તારા બંદાઓ માટે વરસાદ નહીં વરસાવે ત્યાં સુધી હું સીજદામાંથી માથુ નહીં ઉપાડું.

તેજ વખતે વાદળું આવ્યું અને બીજા વાદળાં પણ આસપાસથી ભેગા થઇ ગયાં અને વરસાદ વરસવો શરૂ થયો તે વખતે તે હબશી ખુદાનો હમ્દ કરીને ગામ તરફ ચાલતો થયો, આ તમામ હકીકત મેં જોઇ તેથી તેની પાછળ પાછળ હું પણ ગયો એટલે સુધી કે ગુલામો વેચવાનો ધંધો કરનારના ઘરમાં ગયો હું સમજ્યો કે તે હબશી એ ગુલામ વેચનારનો ગુલામ છે તેથી બીજે દીવસે હું થોડા દીનાર લઇને તેને ઘરે ગયો અને એક ગુલામ વેચાતી લેવાની ખાહીશ બતાવી, તેણે સાઠ ગુલામ મને બતાવ્યા તેમાં તે ગુલામ ન હોવાથી મેં કહ્યું આ શીવાય બીજા ગુલામ નથી ? તેણે જવાબ આપ્યો કે આ સાઠ ગુલામ એવા સારા છે કે તેઓ જેવા મક્કામાં બીજા કોઇ પાસે નથી, મારી પાસે હવે ફકત ખરાબ અને નહસ એક ગુલામ છે કે તે કોઈ સાથે વાત પણ કરતો નથી તેથી તેને બતાવ્યો પણ નથી, આ સાંભળીને મેં કહ્યું તે પણ બતાવ, તરત તેને હાજર કર્યો. તો જોયું કે જેની મને ખાહીશ હતી તેજ ગુલામ છે તેથી મેં પુછ્યું આ ગુલામ તમોએ કેટલામાં લીધો છે ? તેણે કહ્યું લીધો છે તો સાત દીનારમાં, પણ તેની કીમત તો બે દીનાર પણ નથી, મેં તેજ વખતે તેને સાત દીનાર આપી એ ગુલામ વેચાતી લીધો.

જ્યારે એ અમુલ્ય મોતીને ઘરે લાવ્યો ત્યારે તેણે કહ્યું ઓ મ્હારા આકા તમોએ મને શામાટે ખરીદ કર્યો ? મ્હારાથી આપની ખીદમત થઇ નહીં શકે, મેં કહ્યું તને મ્હારી ખીદમત માટે લીધો નથી બલકે ત્હારી ખીદમત કરવા માટે લીધો છે, તેણે કહ્યું એમ શામાટે બોલો છો ? મેં કહ્યું ખુદાની પસે તારો જે દરજ્જો અને કદર છે તેથી અને તેનાથી જે અજાએબ વાત જોઇ તે બયાન કરી, તે વખતે તેણે કહ્યું આપ મને આઝાદ (મુક્ત) કરો, મેં તરત તેને આઝાદ કર્યો તેણે કહ્યું ખુદાનો શુકર કે દુન્યાના અને ન્હાના આકા તરફથી આઝાદી (મુક્તિ) મળી, પણ હવે જોવાનું છે કે બુઝુર્ગ અને ખરા આકા તરફથી આઝાદી મળે છે કે નહી ?

પછી તેણે વઝુ કરી બે રકાત નમાઝ પડીને દોઆ માગીને અરજ કરી ખુદાવંદા જ્યારથી મેં તને ઓળખ્યો ત્યારથી ત્હારી નાફરમાની કરી નહી, અને હમેશા દોઆ કરતો હતો કે મ્હારા ભેદને જાહેર કરીશ નહીં પણ તેં મ્હારો ભેદ ખુલ્લો કર્યો એટલે બીજાએ જોયું માટે હવે મારી અરજ એજ છે કે મ્હારી રૂહ કબજ કરી પોતાની પાસે બોલાવીલે, તેજ વખતે તેની રૂહ કબજ થઇ ગઈ, મેં તેને ગુસલ કફન આપી નમાઝ પડીને દફન કરી આપ્યો, પણ મ્હારી એટલી તો ભુલ થઇ કે તેને ઊંચુ કફન આપ્યું નહીં.

રાત્રે સ્વપ્નામાં જોયું કે હુ૦ રસુલે ખુદાસ૦ પોતાનું મોહું છુપાવેલ તથા એક બુઝુરગવાર ખુશરૂપો સફેત કુરતો પહેરેલ હઝરતની બાજુમાં છે, તેઓના ખભા ઉપર હઝરતનો હાથ હતો, હઝરતે મ્હારી ઇજ્જત કરીને ફરમાવ્યુ કે તેં ખુદાથી અને મ્હારાથી શરમ અને હયા કરી નહીં ? મેં અરજ કરી આપ કોણ છો ? આપે ફરમાવ્યું કે હું મોહમ્મદ છું અને આ મ્હારા દાદા હુ૦ ઇબરાહીમ અ૦ છે, મે અરજ કરી આપ ઉપર હું દરૂદ ઘણી પઢું છું છતા આપ ફરમાવો છો કે શરમ કરતો નથી તે કેમ ? આપે ફરમાવ્યું ખુદાનો એક દોસ્ત ગુજરી ગયો તેને તેં સરૂફ્ન આપ્યુ નહીં અને સમજ્યો નહી ? કે કે તે મ્હારો અને હઝરતે ઇબરાહીમ અ૦નો જન્નતમાં રફીક છે (સલવાત)

—०<⊙○<>⊙○-०—

## પરચુરણ.

હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦થી મનકુલ છે કે જે કોઇ ઊંઘમાં બીતો હોય તે સુવાની પહેલે નીચેની દોઆ દસ વખત પડીને પછી જનાબે ફાતેમા અ૦ની તસબીહ પડે દોઆ આ છે—**લાએલાહ ઈલલલ્લાહો વહ્દહુ લાશરીક લહુ યોહ્યી વયોમીતો વયોમીતો વયોહ્યી, વ હોવ હૈયુન લાયમૂત.**

કોઇને ઘરે મહેમાન ગયો તેની પાછળ ફકીર આવ્યો તેને ઘરવાળાના નોકરે અંદર જતા અટકાવ્યો તે પાછો ગયો અને થોડીવાર પછી પાણીનો કુજો લઇને આવ્યો અને કહયું ઘરવાળે પાણીનો કુજો મંગાવ્યો છે તે આપવો છે એમ કહી અંદર ગયો ચોકીદાર સમજ્યો કે શેઠે કુજો મંગાવ્યો હશે તેથી કાંઈ બોલ્યો નહીં, ફકીર અંદર ગયો મહેમાન જમતો હતે તેની સાથે જમવા બેસી ગયો ખાઇ પીઇને કુજો સાથે લઇને બાહેર નીકળ્યો, ચોકીદારે પુછ્યું કુજો કેમ પાછો લઇ જાય છે ? તેણે કહ્યું શેઠને પસંદ આવ્યો નહીં.

એક પૈશાવાળો ઘણોજ સુમ અને બખીલ હતો તેને ઘરે એક સખી તબીઅતવાળો ફકીર માગવા આવ્યો તે બખીલની ઔરતે તેને અરધી રોટલી આપી તેથી બખીલને ગુસ્સો આવ્યો અને પોતાની ઓરતને તલાક આપી તે ઓરત ચાલી ગઇ કેટલીક મુદ્દત પછી કોઇની સાથે નીકાહ કર્યા, એક વખતે તે ઓરતને ઘરે કોઇ ફકીર માગવા આવ્યો તેના શવહરે કહ્યું એક રોટલી ફકીરને આપ, જયારે તે આપવા ગઇ ત્યારે જોયું કે તેણીનો આગલો શવહર છે. પુછ્યું તો કહયું બખીલીના સબબથી ખુદાએ તમામ માલ લઇ લીધો, તે વખતે ઘરધણી બોલ્યો કે હું એજ ફકીર છું કે જેને અરધી રોટલી આપી હતી મારી સખી તબીયતનું આ ફળ મળ્યું કે માલ મળ્યો અને ઓરત પણ મળી.

આપણી મરજી મુજબ ચલાવી શકાય એવા હવામાં ઉડવાના સાંચાઓ તથા બલુનોની જે શોધ હાલ થાય છે તેથી તદ્દન વેગળા જાઇને બે ઇટાલીયન ભાઇઓ હવામાં ઉડવાની એક નવીજ કરામત ઉપર હાલ મંડયા છે. એ બંને ભાઇઓ એનટોની કુટુંબના છે અને તેઓ ૨૦-૨૫ વરસની ઘણી જવાન વયના છે. પક્ષીઓ જે રીતે ઉડે છે તેજ નીયમ ઉપર તેઓ પોતાની શોધખોળ ચલાવે છે. તેઓએ માણસો માટે પક્ષીઓના જેવી ઉડવાની પાંખો બનાવી છે; એ પાંખો વડે મરજી મુજબ ગમે ત્યાં ઉડી શકાય છે અને ગમે એવા તોફાની પવન છતાં હવામાં રહી શકાય છે એમ તેઓ જણાવે છે. (ઇ.ગે)

એવાના દીલને એકદમ કાળુ કરી મુકેછે તે સફેત થવું બહુજ મુશકીલછે, જેના દીલ ઉપર હરામ માલનો મેલ અને કાટ ચડી ગયો હોય તે નીકળવો અને સાફ થાવો બહુજ મુશકીલ છે, અને તેથીજ હરામ માલથી બચવા માટે શરાના હાકીમોએ અને પરવરદીગારની વહયના અમીનોએ સખતમાં સખત મનાઇ ફરમાવી છે, હઝરતે રસુલે ખુદા સ૦થી મરવી છે કે બયતુલ મુકદ્દસ ઉપર એક ફરીસ્તો છે તે હમેશા રાત્રે નીદા કરે છે કે જે કોઇ હરામ ચીજ ખાય તો ખુદાએતઆલા તેના કોઇ પણ સુન્નત અથવા વાજીબ અમલને કબુલ કરતો નથી, અને એજ હઝરતથી મરવી છે કે જે કોઇ જુવે ત્યાંથી મેળવે અને હલાલ હરામની પરવા ન રાખે તો ખુદાએતઆલા પણ તેની પરવા નહીં રાખે અને જુવે તે દરવાજેથી તેને જહન્નમમાં દાખીલ કરે. અને ફરમાવ્યું કે ઇનસાનના શરીરમાં જે ગોસ્ત હરામથી ભેગો થયો હોય તેના માટે આગ વધારે સજાવાર છે, અને ફરમાવ્યું કે જે કોઈ હરામથી માલ મેળવે અને તે થકી રીલેરહમ કરે અથવા સદકો કરે અથવા રાહે ખુદામાં વાપરે તો ખુદાએતઆલા તે તમામ માલને ભેગો કરી તે શખસને જહન્નમમાં નાખે. અને ફરમાવ્યું કે જે કોઇ હરામ ધંધાથી માલ ભેગો કરે અને તે થકી સદકો કરે તો તે કબુલ થતો નથી, અને અગર તે માલ રાખી મુકે તો તે જહન્નમના રસ્તાનું ભતુ થશે.

હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦થી મરવી છે કે જે શખસ હરામ રસ્તેથી માલ મેળવે અને હજ કરવા જાય અને ત્યાં કહે કે, **લબ્બયક અલ્લાહુમ્મા લબ્બયક** તો તેના જવાબમાં ખુદા તરફથી કહેવામાં આવે છે કે **લા. લબ્બયક વલા સાઅદયક** અને બઅઝે અખબારમાં વારીદ થયું છે કે કયામતના દીવસે બંદાને આઅમાલ તોલવાની જગ્યોએ ઉભો રાખશે અને તેના નેક અઅમાલ મ્હોટા મ્હોટા પરવતો જેવા હશે પછી તેનો હીસાબ લેતી વખતે પુછવામાં આવશે કે તેં માલ કયાંથી ભેગો કર્યો અને કયા કામમાં વાપર્યો અને પોતાના ઘરના લોકોને કેવી રીતે રાખ્યા અને તેઓના હક જાળવ્યા કે નહીં ? તે વખતે એ હીસાબના સબબથી એ પરવતો જેવડી નેકીઓ ખલાસ થઇ જશે અને તેના માટે કંઇ પણ બાકી રહેશે નહીં તે વખતે ફીરીસ્તાઓ નીદા કરશે કે હા **ઝલ્લઝી અકલ અયાલહુ હસનાતેહી** એટલે આ એ શખસ છે કે તેના નેક આઅમાલ તેના ઘરના લોકો ખાઇ ગયા અને આજે પોતાના ખરાબ કર્યોમાં ગીરીફતાર છે.

અને વારીદ થયું છે કે ઇનસાનના ઓરત અને બચ્ચા કયામતના દીવસે તેને પકડીને પરવરદીગારના દરબારમાં લઇ જશે અને કહેશે કે ખુદાવંદા અમારો હક આનાથી લે કેમકે અમો શરીઅતના અહકામથી જાહીલ હતા છતાં અમોને તાઅલીમ કરી નહીં અને અમોને હરામનો માલ ભેગો કરીને ખવરાવ્યો અને અમો તે વીશે જાણતા નહતા. હાંસલ કલામ જે શખસ નેકબખતી અને નજાતનો તલબગાર અને આતુર હોય તેને જોઇએ કે તે હરામ માલથી એવી રીતે ભાગે કે જેવી રીતે ફાડી ખાનાર વાઘ અને કરડનાર સાંપથી ભગે છે, અફસોસ સદ અફસોસ આ ઝમાનામાં હલાલ મેળવવું અને હરામથી બચવું ઘણું મુશકીલ છે. હલાલને શોધવા જઇએ તો વરસાદના પાણી અને જંગલના ખડ શીવાય કાંઇ મળતુ નથી કેમકે જે જે ચીજ જોઇએ તે ઝાલીમ લોકોએ અને હરામ ખાનારાઓએ હરામ કરી મુકી છે અને બાતીલ મામલા અને વહેપાર કરી ખરાબ કરી

નાખેલ છે કોઇ પણ એવું દીરહમ જોવામાં નહીં આવે કે જેને વારંગવાર ગસબ કરનારાઓના હાથ અડયા ન હોય, અને કોઇ એવો દીનાર ર.ળી નહીં શકે કે જે વારંમવાર જુલમ ગુજારનારાઓના ખીસામાં ગયો ન હોય અરે જમીન અને જમીનના પાણી પણ ઘણે ભાગે ગસબ થએલા છે, અને ઘણે ભાગે પશુઓ પણ એવાજ છે તો જ્યારે ચારે તરફ હરામ અને ગસબની બુરી બલા અવી રીતે ફેલાણી છે ત્યારે કોઇ ચીજ કેવી રીતે હલાલથી મળવાનું યકીન થાય, અફસોસ સદ અફસોસ કોઇ વેપારીને નહીં જોઇશ પણ એ કે તેનો વહેપાર ઝાલીમો અને જુલમ કરનારાઓ સાથે હશે, અને તેમજ કોઇ અમલદારને નહીં જોઇશ પણ એ કે તેનો માલ હાકીમો અને સુલતાનોના માલ સાથે મળેલો હશે અને ખાસ કરીને આ ઝમાનામાં હલાલ મેળવવું બહુજ મુશકીલ થઇ પડયુંછે, અને આ એવી આફત છે કે દીનના ઘરને વીરાન અને બરબાદ કરી નાખે છે, અને ઇમાનના બગીચાને બાળી નાખે છે, અરે ખાસ કરીને આ ઝમાનાનોજ અવો હાલ નથી બલકે જાહેર છે કે આગળના ઝમાનાઓનો પણ અવો હાલ હતો અને તેથીજ હઝરતે ઇમામે જાઅફરે સાદીક અ૦ મે ફરમાવ્યું છે કે દુન્યામાં મોઅમીનની ખોરાક મુઝતરરીનની છે, એટલે જાન બચાવા ખ.વું પડે છે, જાણવું જોઇએ કે આ તમામ બાબતોથી એમ ન સમજે કે કોઇ ચીજ હલાલ નથી તેથી જે મળે તે હલાલ હરામની પરવા વીના લેવું, ના એમાંતો કેટલીક બાતીનની અને એહતીયાતની બાબતો છે. માટે શરા પ્રમાણે જાહેરમાં હરામ હોવાનું યકીન ન હોય તે મેળવે તો અલબત હરામથી બચશે.

## ફસલ ૨૯ મી માલની જાત.

જાણવું જોઇએ કે માલ ત્રણ જાતનો છે ૧–હલાલ ૨–હરામ ૩–મુશતબેહ, અને આ દરેક માટે હલકા ભારે દરજા છે જેમકે હરામ માલ અગરચે તમામ જાતનો ખબીસ અને નાપાકછે. પણ કોઇ માલ નાના અને હલકા દરજાનો હરામ છે, અને કોઇ માલ સખત અને મોટા દરજાનો હરામ છે જેમકે વહેપારીઓ કોઇ વહેપાર શરા વીરૂધ એક બીજા સાથે એક બીજાની રાજી ખુશીથી કરે અને તેમાં નફો મેળવે તે ફક્ત શરા વીરૂધ મામલો કર્યો તેથી તે નફો હરામ થયો તો આ હરામ હલકા દરજાનો છે. અને કોઇ યતીમનો માલ જોર અને જુલમથી લઈ લીએ તે માલ સખત અને મોટા દરજાનો હરામ છે, તેજ પ્રમાણે હલાલ માટે પણ નાના મોટા દરજા છે કે અગરચે હલાલ માલ તમામ જાતનો પાક અને સારો છે પણ કેટલોક માલ વધારે પાક હોય છે, તેમજ મુશતબેહ એટલે હરામ નહીં પણ હરામના શુબાવાળો હલાલ માલ તમામ જાતનો મકરૂહ છે એટલે તે ન વાપરેતો વધારે સારૂ અને બહેતર છે અને પરહેઝગારોમાં દાખલ છે અને વાપરેતો ગુનાહ નથી અને એમાં પણ નાના મોટા દરજા છે કે કેટલોક માલ એવો મુશતબેહ હોય છે કે તે વાપરવો થોડુ મકરૂહ છે અને કેટલોક માલ એવો છે કે તે વાપરવો વધારે અને સખત મકરૂહ છે જેમકે હકીમો કહે છે કે હલવો ગરમ છે પણ કોઇ હલવો પહેલા દરજામાં ગરમ હોય છે અને કોઇ હલવો બીજા દરજામાં અને કોઇ ત્રીજા દરજામાં અને કોઇ ચોથા દરજામાં તો એ પ્રમાણે તમામ માલ માટે પણ દરજા છે.

હરામ માલ ત્રણ જાતથી બાહેર નથી અટલે જુદે તે જાતનો હરામ માલ હોય તેનો ત્રણ જાતમાં સમાવેશ થઇ જાય છે ૧–તે માલની ખાસ જાત હરામ હોય છે જેમ કે કુતરો સુવ્વર વીગેરે ૨–તે માલ અસલમાં હલાલ હોય છે પણ કોઈ કારણથી હરામ થઇ જાય છે જેમકે હલાલ ખાણામાં ઝેર મળેલું હોય અથવા નજીસ થઇ ગયું હોય ૩–તે માલ હલાલ હોય પણ લેવા દેવામાં વધુ ઓછુ કરવા વીગેરેથી હરામ થઇ જાય છે, અને આના માટે ઘણી કીસમ છે જેમકે કોઇનો માલ જોર અને જુલમથી અથવા ગસબ કરીને અથવા ચોરી કરીને અથવા અમાનતમાં ખયાનત કરીને અથવા મકકર અને હીલો કરીને અથવા રૂશવત વીગેરેથી મેળવે કે એ તમામ માલ હરામ છે અને એ દરેકની તફસીલ લખવાથી બહુજ લંબાણ થાય છે તેથી ટુંકમાં લખ્યું છે.

જાણવું જોઇએ કે હરામ માલમાં રૂશવત ( લાંચ ) નું પણ નામ આવ્યું તો તે વીશે કેટલોક ખુલાસો લખવાની જરૂરત છે કેમકે રૂશવત લેવી હરામ છે અને હદીઓ લેવો હલાલ છે પણ રૂશવત અને હદીયા વચ્ચે ભુલ થાપ થઇ જાય છે માટે કેટલાક હદીયા જાહેરમા હદીયા તરીકે અપાય છે પણ બાતીનમાં તે રૂશવત હોય છે તો તે વીશે જાણવું કે લોકો હદીયા તરીકે બીજાઓને આપે છે તેની કેટલીક રીત છે.

૧—એકે કોઇ બીરાદરે મોઅમીન માટે કાંઇ ચીજ મોકલે અને તેથી મોહબ્બત જાહેર કરવાનો અને મોહબ્બતમાં વધારો થવાનો મતલબ હોય અને એ શીવાય બીજો કાંઇ મતલબ ન હોય તો હકીકતમાં એ હદીઓ છે અને તે હલાલ છે અગરચે તે આપનારે આખેરતના સવાબનો ઇરાદો રાખ્યો હોય અથવા રાખ્યો ન હોય.

૨—એકે કોઇ કોઇને કાંઇ ચીજ હદીયા તરીકે મોકલે અને તે મોકલવાથી આગલા પાસેથી કાંઇ માલ મેળવવાનો મતલબ હોય જેમકે કોઈ ગરીબ માણસ અમીરને ત્યાં હદીઓ મોકલે અથવા કોઇ અમીર માણસ બીજા મોટા અમીર માટે હદીયો મોકલે કે તે તેના બદલામાં તેથી વધારે અથવા તેટલુંજ આપે તો તે પણ હદીયાની એક જાત ગણાશે પણ હકીકતમાં તે બદલો લેવાની શરતે હીબા ( બખ્શીસ ) છે તો લેનાર તે આપનારના મતલબને સમજે અને તેનો બદલો વાળે તો તે લેવું હલાલ છે. જેમકે કેટલીક હદીસોથી સાબીત થયુ છે, પણ કેટલીક હદીસોથી એમ પણ સાબીત છે કે આપનારના મતલબને સમજી તેનો બદલો ન વાળે તોપણ એ અપેલો હદીયો લેવો હલાલ છે જેમકે મરવી છે કે ઇસહાક બીન અમ્મારે હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ને અરજ કરીકે કોઇ ફકીર અને ગરીબ માણસ મારા માટે હદીઓ મોકલે છે પણ તેનો મતલબ એનો બદલો લેવાનો હોય છે તો એ હદીયો લઇ તેને કાંઇ ન આપુ તો પણ એ લેવું મારા માટે હલાલ છે કે નહીં ? આપે ફરમાવ્યું હા હલાલ છે પણ એવું નકર અને તેને બદલો આપ.

જાણવું જોઇએ કે જે હદીઓ બદલો લેવાની નીય્યતથી મળે અને તેનો બદલો આપવાની નીય્યત ન હોય તો એહતીયાત એ છે કે એવો હદીયો લેવાથી પરહેઝ કરે અને એ હદીયો આપનાર તે શખસના માલમાંથી હદીયો લેવાની ઉમેદ રાખતો ન હોય પણ બીજો માલ જેમકે ઝકાત અથવા ખુમ્સ અથવા સદકો વીગેરેમાંથી લેવાની ઇચ્છા હોય તો તે વીશે બાઅઝે આલીમોના કલામથી જાહેર થાય છે કે તે હદીયો મોકલનાર એ ચાહતો

હકદાર હોય અને આ હદીયો ન મોકલતે તો પણ તેને આપવાનો વીચાર હોય તો તે વખતે એ હદીયો લેવો હલાલ છે પણ એહતીયાત એ છે કે અવી દરેક બાબતનો હદીયો લેવાથી પરહેજ કરે.

૩—એ કે હદીયો મોકલનારનો મતલબ એ હોય કે કોઇ ખાસ કામમાં તે તેની મદદ કરે તે તે વખતે એ જોવાનું છે કે તે કેવા કામમાં મદદ માગે છે અગર કોઇ હરામ કામમાં મદદ ચાહતો હોય અથવા એકે હદીયો લેનારને એ કામ બજાવી લાવવું વાજીબ હેય તો એ બન્ને હાલતમાં તે હદીયો નહીં ગણાય બલકે તે રૂશવત ગણાશે અને તે લેવો હરામ છે અને અગર એ કામ મુબાહ હેય એટલે હરામનો હોય તેમજ પોતા ઉપર વાજીબ ન હોય તો એ હદીયો લેવામાં હરકત નથી.

૪—એકે હદીયો મોકલનારનો મતલબ એ હોય કે તે થકી તેની સાથે દોસ્તી અને મહોબ્બત પેદા કરીએ દોસ્તી થકી તે આગલાના મરતબા અને હોદ્દાના સબબથી પોતાના કોઇ મતલબે પહોંચે અને તે આગલાને એ હુદ્દો અને મરતબો નહતે તો તેને એ હદીયો ન મોકલતે તો એ વખતે એ જોવાનું છે કે તે હદીયો મોકલનાર પોતાનો કેવો મતલબ પાર પાડવા ચહે છે જો અગર શરા વીરૂદ્ધ તેનો મતલબ હેય તો તે હદીયો નહીં પણ રૂશવતમાં દાખલ છે તો તે વખતે એ હદીયો લેવો હરામ છે, અને અગર તેનો મતલબ શરા વીરૂદ્ધ નહોય અથવા તેનો મતલબ શરાની વીરૂધ્ધ છેકે નહીં તેની ખબર નહોય તે વખતે જાહેર એ છે કે તે હદીયો લેવો હરામ નહીં હોય અગરચે એવે વખતે એ હદીયો લેવો મકરૂહછે, કેમકે એ હદીયો રૂશવતના શુબાવાળો છે. મરવી છે કે હઝરતે રસુલેખુદા સ૦ એઅઝદ નામના કબીલા પાસેથી ઝકાત લેવા માટે એક શખસને મોકલ્યો જ્યારે તે પાછો આવ્યો ત્યારે કેટલીક ચીજો તેણે પોતે રાખી અને કહ્યું કે આ ચીજો મને હદીયા તરીકે મલી છે, તો હઝરતે ફરમાવ્યું કે જો આ ચીજો હદીયા તરીકે છે તો તારા ઘરે અને તારા બાપના ઘરે અને તારી માના ઘરે બેઠો નહીં કે તારા માટે ત્યાં હદીયો મોકલતે અને ફરમાવ્યું કે તમોમાંથી કોઇને એ કામ માટે નેમીને મોકલું છું તો તમો કહોછો કે આ ઝકાતછે અને આ મારા માટે હદીયો છે તો શામાટે પોતાની માના ઘરમાં બેસી રેતા નથી કે ત્યાં તમારા માટે હદીયો મોકલે આનો ખુલાસો એ કે જો હદીયો આપવો હોત તો ઘરે મોકલત તો આ ઉપરથી દરેક વાલી અને હાકીમ અને આમીલો અને કાઝીયો વીગેરેને સજાવાર છે કે તેઓ જ્યારે એ હુદ્દા ઉપર ન હેય તે વખતે અગર કોઇ હદીયો આપતુ હોય તે પ્રમાણે એવા હુદ્દા વખતે પણ આપે તો તેને હદીયો સમજીને લીયે પણ એ હુદ્દો ન હોય તે વખતે આપતા ન હોય અને એ હુદ્દો મલ્યા પછી આપે તો તે લેવાથી પરહેઝ કરે.

## ફસલ ૩૦ મી હરામ માલથી બચવા વીશે.

જાણવું જોઇએ કે હરામ માલની જ્યારે બહુજ બે શુમાર મઝીમ્મત છે અને તેથી સખત હલાકત છે અને છેવટે દુન્યામાં બદનામ બેઇજ્જત અને રૂસવા કરીને આખેરતમાં જહન્નમની આગમાં બળવાનુ કારણુ છે ત્યારે લાઝીમ છે કે કોઇ વખતે કોઇ રીતે હરામ માલનો ઉપયોગ કરે નહીં બલકે તેનાથી બહુજ બચતો રહે અને હરામ માલથી બચવું

# ઝમાનાનો રંગ

## ઝમાનાનો અજબ રંગઢંગ !!!

સુબ્હાનલ્લાહ શું ખુદાએ દુન્યા પૈદા કરી છે, અજબ રંગ ઢંગ ચાલ્યા કરે છે, જ્યારથી દુન્યા ખલ્ક થઇ ત્યારથી હજ્જારો રંગ બદલ્યા અને કયામત સુધી બદલશે, એક વખત એ હતો કે હઝરતે **આદમ** અ૦નું નામ નીશાન નહતું, એક વખત એવો આવ્યો કે આપ જન્નતમાં એશ આરામ કરવા અને હરવા ફરવા અને પોતાની બાણી જનાબે હવ્વા અ૦ની સાથે મોજ મજાહ અને આનંદમાં વખત ગાળવા લાગ્યા, હજુ એ મોજ મજાહમાં છે ત્યાં એકાએક **જન્નતમાંથી** જમીન ઉપર ઉતરવું પડયું જનાબે હવ્વાની જુદાઇની મુસીબતમાં રડવાનો વખત આવ્યો જંગલો જંગલ ભટકવા લાગ્યા, એક બીજાની મુલાકાત માટે તરસવા લાગ્યા, એ વખત પસાર થયો ત્યાં વળી મોજમજાહના દીવસો નજરે પડયા, જનાબે હ૦ । મળ્યા, હળી મળી રહેવા લાગ્યા, અવલાદ જેવી પ્યારી નેઅમત મળવી શુરૂ થઇ, ઘર આબાદ થવા લાગ્યું, છોકરા માટે હુર અથવા જીન મળી.

હજુ લાંબી મુદ્દત ગુજરી નહીં ત્યાં ઝમાનાએ રંગ બદલ્યો નવો ઢંગ બતાવ્યો, હાબીલ અને કાબીલ જો કે બન્ને હ૦ આદમના ફરઝંદ સગાભાઇ હતા પણ હસદનું બી રોપાણું અને કાબીલે હાબીલને મારી નાખ્યા, આદમ અ૦ની ખુશી દુર થઇ રાહત ચાલી ગઇ એશ આરામમાં ખલલ પડી ગયો પ્યારા અને વ્હાલા ફરઝંદની માતમદારીમાં બેઠા, હજુ એ વાતને લાંબો વખત થયો નહતો ત્યાં હઝરતે આદમ અ૦ ખુદાની રહમતે પહોંચ્યા, આપનું મરવું આપની વ્હાલી ઓલાદને માટે ગમ અને મુસીબતનું કારણ થયું, પણ નાલાયક ઓલાદ એટલે કાબીલ અને હસદખોર દુશ્મન એટલે શૈતાન એ બન્ને જણ ઘણા ખુશી થયા, અને વાજાગાજા અને ગાનતાનમાં મશગુલ થયા, અને દુન્યામાં જેટલા વાજાગાજા રમતગમત હરામ બાબતો નીકળી તેનું મુળ આ બન્ને ભાઇશાબો થયા.

હ૦ આદમ અ૦ને ઝમાનાએ એવો રંગ બતાવ્યો તે પછી અમુક અવલાદ પછી **હ૦ ઇદરીસ** ઝમાનાના ઢંગમાં સપડાણા, લોકોને હીદાયત કરવા લગ્યા કેટલાંક ઇમાન લાવ્યા, કેટલાંકે ઝુલમ કર્યાં, હ૦ ઇદરીસને ગુસ્સો આવ્યો, પાણી વરસવું બંધ કરાવ્યું, એ ઝમાનાએ એવો રંગ બતાવ્યો કે હ૦ ઇદરીસે વીસ વરસ સુધી પાણી વરસવા આપ્યું નહીં, છેવટે ઇનસાન છોકરાં કાપીને ખાવા લાગ્યા, હ૦ ઇદરીસને પણ ભુખનો સદમો

પહોંચ્યો, લોકો પણ આજીઝ થયા બાદશાહ સુધા ઊઘાડે પગે હ૰ ઇદરીસ પાસે ગયા હ૰ ઇદરીસને રહમ આવી વરસાદની દોઆ કરી, ઝમાનો સારો આવ્યો. છેવટે ખુદાએ આપને આસમાન ઉપર બોલાવી લીધા.

એજ મુજબ ઝમાનો રંગ ઢંગ બતાવતો ગયો, **હઝરતે નુહ અ૦** હીદાયત કરતા હતા બેદીનો એટલા પથરા મારતા હતા કે આપ પથરામાં દટાઇ જતા હતા, હ૰ જીબરઇલ આવીને કાઢીને સારા કરતા, વળી હીદાયત કરવા જતા, છેવટે ઝમાને એવો રંગ બતાવ્યો કે આપે બદ દોઆ કરી, આપની દોઆથી પાણી વરસ્યું અને જમીનથી નીકળ્યું જુજ જણ સીવાય તમામ ડુબી મુવા, એટલે સુધી કે આપનો છોકરો પણ ઇમાન લાવ્યો નહીં ડુબી મર્યો.

હાય એ ઝમાના તેં કોઇને ચૈન લેવા આપ્યું નહીં પોતાના અજબ રંગઢંગ બતાવે ગયો, પછી **હ૰ હુદ અ૰**નો ઝમાનો આવ્યો લોકોની ભરતી થઇ પણ એવા મજબુત કે નાનો એવો પહાડ ઊચકી લેતા પોતાના જોર ઉપર મગરૂર હતા, ઇમાન લાવ્યા નહીં ઝમાનાએ ઢંગ બતાવ્યો અજબ હવા ચાલી તમામને મકાન કીલ્લા વી૰ સુદ્ધાં જડમુળથી ઊખેડી નાખ્યા, તે પછી ઝમાનાએ રંગ બદલ્યો **હ૦ સાલેહ અ૦**ના ઝમાનો આવ્યો હ૰ની મોઅજીઝાની સાંઢણીને કાપીને લોકો અઝાબના મુસ્તહક થયા એવી હવા આવી કે પછાડીને ખાક કરી નાખ્યા.

તે પછી ઝમાનો બદલ્યો નવો ઢંગ બતાવ્યો **હઝરતે ઇબ્રાહીમ અ૦**નો ઝમાનો આવ્યો નમરૂદ બાદશાહે હદથી વધી જઇ નાપાક કતરાથી પેદા થએલો ભુલી જઇ ખુદાઇનો દાવો કર્યો, હ૰ ઇબ્રાહીમને આગમાં નાખ્યા, આપને નજાત મળી આગ ફુલવાડી બની ગઇ, હઝરતનું ઇમતેહાન થયું વ્હાલા ફરઝંદને પોતાને હાથે ઝબાહ કરવાનો હુકમ થયો, તરત તઇયાર થયા કલેજાના કટકાને નજરની સામે સુવરાવી હાથમાં છરી લઇ ગળા ઉપર ફેરવી પણ તે માલીકે ઇમતેહાનમાં પાસ જોઇ છરી હટાવી દીધી.

અરે ઝમાના **હ૰ લુત અ૦**ને પણ ચેનથી રહેવા આપ્યા નહીં, લોકો એકદમ નાફરમાની કરી નીતી વીરૂદ્ધ એક બીજા સાથે વરતવા લાગ્યા, અરે હ૰ લુત અ૰ શું કરે ? ઘણી હીદાયત કરી, સાંભળે કોણ ? આખર એ તમામ શહેરોને ખુદાના હુકમથી હ૰ જીબરઇલ અ૰ ઊંધા નાખી દીધા.

અરે ઝમાના તારો દોર ! પછી તો **ઝુલકરનએન** દીનદાર આલીસાન બાદશાહનો દોર ચાલ્યો, તમામ દુન્યાની સૈર કરી, યાજુજ માજુજની આડી ભીંત બાંધી છ લાખ માણસ સાથે હજ કરી ચારે તરફ અદલ ઇન્સાફનો ડંકો વગાડયો પણ ઝમાનાનો અજબ રંગ છે. તે પછી **હ૰ યાઅકુબ અ૦**નો દોર ચાલ્યો આપના ફરઝંદોએ પોતાના ભાઇ યુસુફ ઉપર જે ગુજાર્યું તે મશહુર છે, હસદ હસદ હસદની આગ ભાઇને પણ ભુલાવી દીએ છે, કુવામાં નાખ્યા, અને ત્યાંથી સલામત નીકળ્યા તો ગુલામ બનાવી વેચી નાખ્યા, ઝુલેખાએ જુદોજ રંગ રચ્યો પોતાના ફરેબમાં લેવા ઘણાએ ફાંફાં મારી નખરા અને મક્કર કર્યા કે જેથી હજારો આબીદ બલકે આલીમ પણ ફંદામાં આવે તો નવાઈ નહીં, પણ

આતો નુરે ખુદા માઅસુમ હતા, તેના તમામ મક્કરના જાળને ફાડી તોડી ફેંકી આપી ભાગ્યા, ત્યાં ઝુલેખાંનો શવહર આવ્યો, ઝુલેખાંએ ઇજ્જત બચાવા માટે થઇ હ૦ યુસુફ ઉપર તોહમત નાખ્યું, પણ ખુદા હક તરફ છે, દુધ પીતા બાળકે ગવાહી આપી વળી ગવાહી કેવી કે દલીલ સાથે, વાત ઝટ ગળે ઊતરી ગઇ, પણ આખર બીબી સાહેબની તરફદારી ઇન્સાફ ક્યાંથી કરવા આપે ? જનાબને કેદ કર્યા, છેવટે છુટયા, અને એવા છુટયા કે ઝમાનાએ પોતાનો રંગ ઢંગ બજાવ્યો આપ બાદશાહ થઇ ગયા યાકુબ અ૦ને જુદાઇમાં વરસોના વરસ રડાવ્યા તે પાછા મળ્યા.

એ ઝમાના એ પછી હ૦ અય્યુબ અ૦ સાથે કેવો રંગ લાગ્યો ? કરોડોના મલીક હતા જરાવારમાં મોહતાજ કર્યા, હજારોને ખવરાવતા તે રોટીના ટુકડાના મોહતાજ થયા, ગામમાંથી કાઢી મુકયા, પણ એવી પણ ઓરત હોય છે કે જનાબે રહમતે સાથ મુકયો નહીં મેહનત મજુરી કરીને ખવરાવતા અને બેહદ ખીદમત કરવા લાગ્યા, મુસીબતનો ઝમાનો ગયો તો નવો રંગ આવ્યો પાછા માલા માલ થઇ ગયા સોનાના ટીડ વરસ્યા, વાહરે મજાહ, પણ કોના માટે એ પાક લોકોને મજાહ કેવી ? એ તો જોવાની ! ! ! ભોગવવાની નહીં ! ! !

અરે ઝમાના કેવો રંગ ઊઘડી રહયો છે ? જેની હદ નથી કોઇ ગુલાલથી રમે કોઇ રંગથી રમે છે, તો કોઇએ લોહીના રંગ ઊડાડયા, અરે હ૦ મુસા અ૦નો ઝમાનો અજબ ખુંખાર ઝમાનો હતો ફીરઓન બદબખ્તે પોતાની ખુદાઇ ચલાવવા માટે ઝુલમ કરવામાં કાંઇ ખામી રાખી નહીં ઓરતોના પેટ ચીરી નાખ્યા, હજારો હમલ પાડી નાખ્યા, મરદોને ગુલામ ઓરતોને લોંડીયો મીસાલ રાખી, સીત્તેર હજાર જાદુગરો હ૦ મુસા ઉપર ઇમાન લાવ્યા તેથી એકી વખતે લોહી વેહવરાવી મેદાનને ખુનનો દર્યો કરી આપ્યો, પણ છેવટે નીલ નદીમાં ગરક થઇ ગયો.

હ૦ શોઅયબ, હ૦ યુશોઅ, હ૦ હિઝકીલ, હ૦ ઇસમાઇલ, હ૦ ઇલયાસ હ૦ યશાઅ. વી૦ના અહવાલ પણ જાણવા જેવા છે, ઝમાનાએ પોતાનો રંગ સર્વેને બતાવ્યો છે.

હ૦ લુકમાનની હીકમત અને અક્કલ તો જહાનમાં મશહુર છે, તેઓની દાનાઇના સબક ચારે તરફ ચાલુ છે, તેઓની હીકમત મશહુર છે, તેઓએ પણ ઝમાનાનો રંગ ઢંગ સારી રીતે જોયો, અને પુરી રીતે ઝમાનાને ઓળખીને અજમાવીને પોતાના ફરઝંદને વસીયતો અને નસીહતો કરી તે સોનાની તખતી ઉપર લખી રાખવા જેવી છે.

હ૦ દાઉદ અ૦ની તો વાતજશી ? ખુદાએ ઝબુર જેવી કીતાબ અતા કરી, આપ બકતર બનાવી વેચીને ગુજરાન ચલાવતા, લોકોના ઝગડા ચુકાવતા, દાસીદોને તો આરામ રહેતો નથી નબી હોય કે ઇમામ કોઇને મુકતા નથી હ૦ દાઊદ અ૦ ઉપર જે તોહમત મુકયુ તે મશહુર છે, પણ એ નુરે ખુદાને કાંઇ ડાગ લાગી શકેજ નહીં.

ખીઝર અ૦નો હાલ તો રોશન છે, હ૦ સોલયમાનની બાદશાહતનો ડંકો ચોતરફ વાગ્યો અને ઇનસાન તો શું જીન્નાત પણ તાબેદારી કરતા હતા, અરે મોટા મોટા દેવ પણ તાબે હતા, હવા આપને તખત સહીત ઉડાડીને હજારો ગાઊની સૈર કરાવતી હતી, ઘોડાના તબેલામાં સોના રૂપાની ઇંટો હતી, હજાર તો બીબીયો હતી, એ તમામ હતુ પણ રોજો

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ અ...
માંગરોળ (...)

શખના અને હાથે જંબોલ વણીને બેચાર પૈશા મળે તેની રોટી વેચાતી લઇ મીસકીન અને ફકીર સાથે બેસીને ખાતા હતા.

હ૦ ઇસમાઇલ, હ૦ હબકુક, હ૦ શઅયા, હ૦ હન્તલો, વી૦ ખુદાના નબી હતા, તેઓએ પણ ઝમાનાનો ઘણો રંગ ઢંગ જોયો, ઝમાનાની નરમ ગરમ હવા ચાખી છેવટે આફાની દુન્યાને મુકી હમેશાની રાહતની જગ્યોએ તશરીફ લઇ ગયા.

**હ૦ ઝકરીયા** ખુદાના પ્યારા નબીને પણ ઝમાનાએ ચૈનથી રહેવા આપ્યા નહીં આહ આહ ઝાલીમોએ તોહમત મુકી, જનાએ મરયમ અ૦ને કુદરતી હમલ રહ્યું, તો દુશમનોએ કહ્યું જનાએ મરયમ હ૦ ઝકરીયા પાસે રહેતા તેથી તૌબા તૌબા હ૦ ઝકરીયા અ૦ ઉપર તોહમત મુકી, આપ ડરી ગયા તેથી ભાગીને ઝાડની પોલમાં છુપી ગયા, હાય ઝમાનો વાય ઝમાનો ઝાલીમોએ એ ઝાડ ઉપર આરી મુકી વેરવું શુરૂ કર્યું, એ ઝાડ સાથે હ૦ ઝકરીયા અ૦ માઅસુમ બે ગુનાહને પણ ચીરી નાખ્યા.

અરે ઝમાના તુ ખાસાને ખુદા સાથે હમેશા બેવફાઇ કરે છે, ખાસ તેઓનેજ સતાવે છે, હ૦ ઝકરીયાનો ઝમાનો ગયો તો આપના લાડલા ફરઝંદ માનતા માનીને લીધેલા પ્યારા પુત્ર. **હ૦ યહયા** અ૦નો ઝમાનો આવ્યો આપનો અહવાલ ઘણો મશહુર છે, આપને ખુદાનો ખૌફ બે શુમાર હતો, રડતા રડતા ગાલમાં આંસુથી ઝખમ થઇ ગયા હતા, હાય અફસોસ ખરો મસલો કહેવાના સબબથી બાદશાહની રાણી નારાજ થઇ ગઇ, કે બાદશાહની બેગમસાબ બુઢી થઇ ગઇ, તેથી બાદશાહે બીજી ઓરત કરવા ચાહ્યું, બેગમ સમજી કે બીજી ઓરત ઘરમાં આવશે તો મારૂં માન નહીં રહે તેથી પોતાના આગલા શવહરની જવાન છોકરી સાથે નીકાહ કરવા બાદશાહને અરજ કરી, બાદશાહે હ૦ યહયા અ૦ને મસલો પુછ્યો, આપે ફરમાવ્યું તેની સાથે નીકાહ હરામ છે, આ સાંભળીને બેગમને ગુસ્સો આવ્યો કે મારી મરજી મુજબ શામાટે ફતવો આપ્યો નહીં, તેથી હ૦ યહયા અ૦ને કતલ કરાવવાનો ઇરાદો કર્યો, મશહુર છે કે ઓરતોના મક્કર શેતાનના મક્કર કરતા વધી જાય છે.

બાદશાહને નશામાં ચકચુર બનાવી પોતાની જુવાન છોકરીને શીખવી સણગારી ઠાઠમાઠથી બાદશાહની સામે મોકલી બાદશાહ નશામાં હતો બાદશાહે હાથ લાંબો કરી ખેંચવા ચાહ્યું પણ તે મક્કરબાજે પુરેપુરી શીખવી રાખેલી જ્યાં સુધી હ૦ યહયાનું માથુ કાપવાનો વાયદો લીધો નહીં ત્યાં સુધી રાજી થઇ નહીં, હાય અફસોસ હજાર અફસોસ તે અરધી રાતનો વખત હતો બાદશાહે તેજ વખતે જલ્લાદોને હુકમ કર્યો જાઓ જલદી જાઓ હ૦ યહયા અ૦નું માથુ કાપીને લાવો, અહીંયા બાદશાહ તે રાંડ ઉપર આશક થઇ પોતાની મુરાદે પહોંચવા ચાહે છે, ત્યાં હ૦ યહયા અ૦ મેહરાબમાં ખુદાની ઇબાદતમાં મશગુલ છે, હવે આગળ શું થયું લખતા કલમ અટકે છે છાતી ભરાઇ આવે છે હાય અરે ઝમાના તને કાંઇ પણ રહમ આવી નહીં ? ખુદાના પ્યારાને મેહરાબમાં ઇબાદત કરતા હતા ત્યાંથી ખેંચી પકડીને બાહેર લાવ્યા, તરતજ માથુ કાપી નાખીને થાળામાં રાખી બાદશાહ પાસે હાજેર કર્યું, આવો ઝુલમ ખુદાને બહુજ ગુસ્સામાં લાવ્યો બાદશાહને હલાક કર્યો તે રાંડને જહન્નમ વાસીલ કરી તેનો ગોસ્ત કુતરાઓ પાસે ખવરાવ્યો, અને હ૦ યહયા અ૦ના ખુનના બદલામાં સીત્તેર હજાર જણ કતલ થયા.

પછી હ૦ અરમીયા, હ૦ દાનીયાલ આવ્યા તેઓએ પણ ઝમાનાનો રંગ ઢંગ જોયો, હ૦ ઓઝૈરનો હાલ પણ મશહુર છે.

જનાબે **મરયમ** અ૦નો અહવાલ બયાન કરવાની જરૂરત નથી એ તો મશહુર છે, એ માઅસુમાને પણ ઝાલીમોએ ચેનથી રહેવા આપ્યા નહીં. તોહમત મુકી ઇજા આપી.

**હ૦ ઇસા** અ૦ તો ખુદાના પ્યારા હ૦ મરયમ અ૦ના ફરઝંદ છે, બાપ વીના આપને ખુદાએ પૈદા કર્યા, બચપણમાંજ પોતાની વાલેદા (મા) ની પાકદામનીની ગવાહી આપી, આપને **ઇનજીલ** મળી, મોઅજીઝા મળ્યા, કોઢીને આંધળાને સારા કરવા લાગ્યા, લોકો ઉપર ઘણા એહસાન કર્યા હીદાયત કરી પણ છેવટે ઝાલીમોએ ઝુલ્મ કરી ઇજાઓ આપી.

**હ૦ ખાલીદ** બીન સીનાને પણ ઝમાનાનો રંગ જોયો.

આહ હવે એક એવા બુઝુરગવારનો હાલ કલમથી લખાય છે કે એ મઝલુમ ઉપર ઝુલ્મનો પાર રહયો નથી એ બુઝુરગવાર હઝરતે **જરજીસ અલયહીસ્સલામ** છે, તેઓ ઉપર જે જે ઝુલ્મ થયા છે તે વાંચવાથી દીલ ભરાઇ આવે છે તે વખતનો બાદશાહ બુતપરસ્ત હતો, અને બીજા યહુદીઓ હતા, આપે **હીદાયત** કરવી શુરૂ કરી, ઝાલીમોએ ઝુલ્મ કરવો શુરૂ કર્યો, આપનું અંગ મુબારક જખમી કરી નાખ્યું, અરે ઝખમ ઉપર સુરકો છાંટયો, વળી હીદાયત કરી તો લોઢના ખીલા ગરમ કરીને માથામાં ભોંકયા વળી હીદાયત કરી તો સીસુ ગરમ કરીને ગળામાં રેડયું, વળી તન્દુરસ્ત થયા અને હીદાયત કરી તો થંભની નીચે દબાવી દીધા, દરેક વખતે ખુદા સજીવન કરીને **હીદાયત** કરવા મોકલતો અને ઝાલીમો જાત જાતની તકલીફો અને સખતીયો સખત બેરહમી વાપરીને પહોંચાડતા, એક વખત ઝાલીમોએ હઝરતને આગમાં બાળીને રાખ કરીને ઊડાડી નાખી, તો પણ ખુદાએ જીવતા કરી **હીદાયત** માટે મોકલ્યા, વળી ઝાલીમોએ કાપી કટકા કરી દેગમાં નાખીને ઊકાળ્યા, છેવટે આપે નફરીન કરી, અને એ લોકોએ મથુ કાપી શહીદ કર્યા, તે પછી આપને જીવતા કર્યા નહીં અને ઝાલીમો ઉપર અઝાબ મોકલ્યો.

આહ ! કેમ સાહેબો કેવો ઝુલ્મ ? ઝાલીમોએ ખુદાના નેક બંદાઓ સાથે હમેશા અદાવત કરી જહન્નમ વેચાતી લીધી છે, અરે ઝમાના તારો રંગ ઢંગ કેટલો અને કેવો છે ? હાય એ મઝલુમ પછી હ૦ **યુનુસ** અ૦નો વખત આવ્યો ઘણા વરસ હીદાયત કરી, લોકોએ ઇજા આપી, છેવટે માછલીના પેટમાં ગયા, ત્યાંથી ખુદાએ **નજાત** આપી, લોકો ઇમાન લાવ્યા.

**અસહાબે કહફ**નો હાલ તો મશહુર છે, બાદશાહ ખુદાઇનો દાવો કરતો હતો તેથી તેના ઝુલ્મથી ભાગીને ગારમાં ગયા. ઝમાનો પોતાનો રંગ ઢંગ બતાવેજ જાય છે, દુન્યાના દીવસો વધે જાય છે, તવારીખોના પુસ્તકો લખાતા જાય છે.

એ મુજબ ઝમાનો ચાલતા ચાલતા એક લાખ અને ચોવીસ હજાર અથવા ચાલીસ હજાર પૈગમબરો થયા, એ સર્વે ખલકતની હીદાયત માટે આવ્યા, ખુદાના હુકમ મુજબ કામ બજાવ્યું, કેટલાંક તો પોતાના મોહલ્લાના કેટલાંક પોતાના ઘરના કેટલાંક કોઇ ગામના કેટલાંક શહેરના કેટલાંક ઘણા ગામોના કોઇ આખી દુન્યાના પયગમબર હતા.

છેલ્લે ખાતેમુન્નબીઇન અહમદે મુજતબા હઝરતે મોહમ્મદે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમનો ઝમાનો આવ્યો, આપના બાપદાદા સરવે ખુદાને માનનારા ખુદાના દીનને પાળનારા હતા, એ તમામ બાબતના મોટા મોટા દફતરો ભરેલા છે, હ૦ હાશમ અ૦ કેવી કેવી સખતીમાં દીન કાયમ રાખ્યું, હ૦ અબ્દુલમુત્તલીબે પણ એમજ તકલીફો વેઠી હ૦ અબુતાલેબે હ૦ રસુલે ખુદાની પરવરીશ કરવામાં અને કુફ્ફારોથી સાંચવવામાં કાંઇ ખામી રાખી નહીં.

- હ૦ રસુલે ખુદા સ૦ ને જાહેરી નોબુવ્વત મળી ત્યારથી આપે દીન ફેલાવા એટલી કોશીશ કરી કે જેની હદ નથી આપની મદદ માટે ખુદાએ હ૦ અલી અ૦ ને મુકરરર કર્યા પછી તો ચારે તરફ દીનનો ડંકો વગાડી આપ્યો, મ્હોટી મ્હોટી લડાઇઓ ફતેહ કરી ખૈબરના જબરદસ્ત કીલ્લાઓ ફતેહ કર્યા **મરહબ** અને **ઉમરબીન અબ્દેવદ** જેવા પહેલવાનોને ઠેકાણે પાડયા, કુફ્ફારોની સખત તકલીફો અને ઇજા ઉપાડી હરહાલમાં સબર કરી ઝમાનાએ ઘણો સારો બહાર બતાવ્યો, એટલે સુધી કે પથરાઓએ પણ **લાએલાહ ઇલ્લલ્લાહ** કહ્યું, **કાઅબા**માંથી બુત તોડવા, એ બુઝુરગવારને પણ ઝમાનાએ હજારો મુસીબતો બતાવી, છેવટે ઝેર આપી હઝરતને શહીદ કર્યા.

આપની બાદ આપની વ્હાલી દીકરી માઅસુમ તમામ ઓરતોની સરદાર જનાબે ફાતેમા અ૦ ને ઝમાનાએ ચએનથી રહેવા આપ્યા નહીં અરે ટુંક મુદતમાં અઢાર વરસની વયમાં હજારો બલા અને મુસીબતો સહન કરી પોતાના વાલીદે બુઝરગવારની ખીદમતમાં પહોંચી ગયા.

તેઓ પછી હઝરતે અલી અ૦ સાથે ઝમાનાએ જે રંગ બતાવ્યો તે મશહુર છે જેઓ ઇસલામનો દાવો કરતા હતા તેઓજ આપ સાથે લડયા કેટલીક જંગ થઇ છેવટે કાંઇ ફતેહ થઇ કાંઇ સુલેહ થઇ પણ ઝાલીમે પોતાનું ધર્યું કર્યું આહ આહ એન સીજદામાં ખાનએ ખુદામાં ઝેર પીવરાવેલી તલવાર થકી શહીદ કર્યા, દીનના નુરને ઓલવી નાખી અંધારૂ કરવા ચાહ્યું, પણ ઇમામે **હસન અ૦** દીનને રોશન રાખ્યું.

એ જનાબને પણ ઝમાનાએ મોહલત આપી નહીં હાય અફસોસ દગા ઉપર દગા થવા લાગ્યા, મોઆવીયાને લાખોની દોલત ઘણા ગામોની હુકુમત બસ થઇ નહીં હીરસ વધતો ગયો, અને પોતાની પાછળ પોતાના છોકરા **યઝીદ** પલીતને કોઇ જાતની અડચણ ન આવે એવો ઇલાજ શોધ્યો તો ઇમામે હસન અ૦ નું દુન્યામાં હોવું તેને **યઝીદ**ની સલતનતમાં ખલલ માલુમ થયો તેથી એ નુરે ખુદાને દુન્યાથી વીદાય કરવા માટે ઘણી કોશીશો કરી ઝેરથી શહીદ કરાવી નાખ્યા,

ઓ ઝમાના તારા રંગઢંગ ઉપર અફસોસ થાય છે, અરે કેવી તારી રીત ભાત અરે કેવો તારી વર્તણુંક !! કાંઇ ખબર પડતી નથી, આહ તે પછી ઝમાનાએ રૂપ બદલ્યું એકદમ ખાસાને ખુદાથી ફરી ગયો, અરે **યઝીદ** પલીદને કાંઇ પણ વીચાર થયો નહીં, ઇસલામની હુરમત કરી નહીં નબીનો પાસ કર્યો નહીં હાય બે દીવસની દુન્યા માટે પોતાના નબીના નવાસા ઉપર કેવો સખત ઝુલમ કરયો તે મશહુર છે, આહ એવી બેરહમી એવો ઝુલમ હ૦ આદમ અ૦ થી આજ સુધી કોઇએ કરેલ નથી અલ્લાહો અકબર એ ઝુલમ

યાદ આવે છે તે વખતે રોવું આવે છે, અરે આપણે તો શું ? પણ કાફર પણ સાંભળીને રોવે છે, અફસોસ હજાર અફસોસ ઝાલીમોએ એવો હસદ કરયો કે દીન ઇસલામનો પણ પાસ કર્યો નહીં, જેનો કલમો પડતા હતા જેનાથી શફાઅતનો ઉમ્મેદ રાખતા હતા જેના સબબથી નજાત મળવી ધારતા હતા તેનાજ નવાસાને અરે આખા ખાનદાનને અને આખા ઘરને અરે નાના મેટા સરવેને ઇજા આપવામાં કાંઇ બાકી રાખ્યું નહીં, મહેમાન બોલાવી ત્રણ દીવસના ભુખ્યા પ્યાસા જુજ થોડા જણ ગણત્રીના ઉપર હજારોની ચડાઇ હાય ભુખ્યા પ્યાસાઓને તલવાર અને તીર નેઝા અને બરછીથી કતલ કર્યા, અરે ઝઇફો ઉપર તરસ ખાધો નહીં, જવાનો ઉપર રહમ કરી નહીં, અરે બચ્ચાઓ ઉપર દીલ પલળ્યું નહીં, હાય નાના મેટા જવાન બુઢા બલકે દુધ પીતા બાળકને પણ મારી નાખી ખુશી થવાં બાકી રહેલી એ વારીસ એવા ઓરતો યતીમ બચ્ચાઓને પણ કૈદ કરી સખત ઇજાઓ આપી,

છેવટે એ મલાઇનો પણ મજાહ ભોગવવા પામ્યા નહીં ઝમાનાએ અજબ રંગ ઢંગ બતાવ્યો, માઅસુમ અને મઝલુમનું લોહી ઉછળ્યા વીના રહે નહીં, અરે ત્યાંને ત્યાંજ આપસમાં કરબલામાંજ કેટલાક પસતાણા કેટલાંક જોશમાં આવી ગયા બસ મઝલુમના ખુનનો બદલો લેવા ચુપકીથી સલાહ કરી, રફતે રફતે ટુંક મુદતમાં કહર નાઝીલ થયો યઝીદ બુરી મોતે મરી ગયો, મઝલુમના ખુનનો બદલો લેનાર તલવારો બાંધી નીકળી પડયા, મુખતાર જેવા બહાદુર, મુસય્યબ જેવા જવાંમરદ, મોટા મોટા શુરવીરો જોશમાં આવી ગયા, જીંદગી કડવી થઇ પડી, ખુનનો બદલો લીધા વીના ચેન હરામ થઇ પડયુ, ખાણું ઝેર થઈ ગયું, પાણી કડવું લાગવા લાગ્યું, બસ મઝલુમોના કાતીલો અને સામી પાર્ટીમાં શામીલ રહેનાર મલાઇનોની ધડ પકડ મારકુટ થવા લાગી; મલાઇનોએ દુન્યા માટે દીન તો ખોઇ નાખ્યો હતો દુન્યામાં મોજ મજાહ કરવાનો તક શોધતા હતા, પણ ખુદાએ એ વખત નસીબ થવા આપ્યો નહીં, ઊલટા પાયમાલ થવા લાગ્યા જ્યાં ત્યાં છુપવા લાગ્યા, મુખતાર નામદાર તરફથી ઠરાવ બહાર પડયા કે જે કોઇ મઝલુમોના કાતીલોને પકડી લાવે તેને ઇનામ મળશે તે માલામાલ થશે, બીચારા ગુલામડાઓને તડાકો પડયો, વાહરે ઝમાના તારો રંગ ઢંગ અરે ઝમાના તારી બલીહારી અરે ઝમાના આતે શું ? કેવો ફેરફાર કાંઇ હદ ! અરે વાહ !!! હદની તો વાતજ શી હુકમ બાહેર પડતાજ ધડાધડ ઝાલીમોને પકડી પકડીને લોકો લાવતા અને ઇનામ પામતા, અરે તે ગુલામડાઓને તડાકો પડવાનો બનાવ તો જુવો કે જે અમીરો અને રઇસોએ ગુલામો રાખેલા તેઓ પાસે પાણી ભરાવતા હશે બોઝો ઉપડાવતા હશે, અને જરાક વાંક આવે ડંડાઓથી પીઠ ભાંગી નાખતા હશે, તમાચથી ગાલ લાલ કરી નાખતા હશે ચાબુકથી લોહીલુહાણ કરતા હશે. ખાવા પીવા માટે તો પુછવુંજ શું એઠું જુઠું વધેલું વાસી કુસી લુખુપુખુ આપતા હશે, એવા દુખી ગુલામોને મગરૂર થવાનો ઝમાનો આવ્યો તેઓ માટે ઝમાને નવી નવાઇનો રંગ ઢગ બતાવ્યો કે મુખતારનું ફરમાન થતાજ ઝાલીમોના ગુલામો પોતાના આકાઓને પકડી ખેંચી લાવીને મુખતારને સોંપી દઇ ઇનામ લઇ તમાશો જોતા કે મુખતાર કોઇને ભોંય સુવરાવી ખીલા ભોકાવીને મારતા કોઇની ચામડી ઉતરાવીને મુકો છાંટતા, કોઇની ગરદન મારતા.

આવા હાલથી ઝાલીમો ગુલામોથી ડરી ગુલામોના પોતે ગુલામ જેવા બની અરજ કરતા કે અરે સાહેબ મેહરબાની કરી મને બચાવજે અરે જોજે હો મુખતાર પાસે જઇ

શેઠ લાઈબ્રેરી

જાહેર ન કરજો, કેટલાંક ગુલામ કે જેઓએ તેઓથી ઇજા ઉપાડી હશે કેહતા હતા ઠીક ભલે જાહેર નહીં કરીએ પણ તમારા ખભા ઉપર બેસારી અમોને ફેરવો જરા મજાહ તો કરાવો, તે શકીઓ શું કરે ? જખ મારી લાચાર થઇ ગુલામોને ગરદન ઉપર બેસારીને ફેરવતા, જે વખતે ગુલામ તેના ઉપર બેસતા તે વખતે મીજાજમાં આવી ઝમાનાનો લાભ લઇ પોતાના પગની પાનીયો પોતાના આકાના છાતીઓ ઉપર મારતા અને નાઝ તથા નખરા કરતા અને ખુબ મેજમજાહ કરતા હશે.

હાસલ કલામ મુખતારે ઝાલીમો પાસેથી ખુબ બદલો લીધો અને વીણી વીણીને ગોતી ગોતીને જડ મુળથી છાંટી નાખ્યા. એટલે સુધી કે ખબર પડી કે હઝરતે ઇમામે હુસેન અ૦ના ઊંટનો ગોશ્ત ફલાણા ફલાણા ઘરના લોકોએ ખાધો છે, તે તમામ ઘરના સર્વે માણસોને કાપી નાખીને નાબુદ કરી નખ્યા.

અફસોસ ઝમાના તારા રંગઢંગ જોઇને તેમજ સાંભળીને દીલ ઘભરાએ છે, અરે તારામાં કેવા કેવા બનાવ બન્યા ? હાય એક અજબ ઇબરતની બાબત છે કે જ્યારે બની ઉમય્યહમાંનો પાંચમો ખલીફો અબ્દુલ મલીક ખલીફો થયો ત્યારે તેણે સાંભળ્યું કે મસઅબબીન ઝોબેરે કુફા ફતેહ કરી લીધું, તેથી તે ડર્યો કે રખેને શામનો પણ કબજો લીએ તેથી તેની સાથે લડાઇ કરી હરાવીને છેવટે મસઅબને કતલ કરાવ્યો, જ્યારે મસઅબનું માથું કાપીને અબ્દુલ મલીકની સામે લાવ્યા; ત્યારે હ૦ રસુલે ખુદા સ૦ નો બુઝુર્ગ અસહાબ ઉભો હતો તેણે કહ્યું કુફાના આ દરબારમાં મેં મારી નજરે આ જગ્યોએ અબદુલ્લાઇબ્ને ઝીયાદની સામે (૧) ઇમામે હુસેન અ૦ નું માથું કાપીને રાખેલું જોયું; તે પછી આ જગ્યાએ મુખતારની સામે (૨) અબદુલ્લા ઇબને ઝીયાદનું માથું કાપીને રાખેલું જોયું, તે પછી આ જગ્યાએ મસઅબની સામે (૩) મુખતારનું માથું કાપીને રાખેલું જોયું, તે પછી આ જગ્યાએ તમારી પાસે (૪) મસઅબનું માથુ કાપીને રાખેલું જોઉં છું, આ સાંભળીને અબ્દુલ મલીકે કહયું કે ખુદા ન કરે કે હવે તું અહીંયા પાંચમું માથું કપાએલું જુવે ! અને વેહમમાં પડી ગયો (રખેને પોતાનું માથું કપાઇને બીજા કોઇના સામે રાખવામાં આવે) તેથી કુફાના દરબારમાં રહેવું મુકી આપ્યું, એટલુંજ નહીં પણ એ દરબારી મકાનને તોડી નંખાવીને વીરાન કરાવી નાંખ્યું.

આહ ઝમાનોનો એમજ રંગ ઢંગ બતાવતો ગયો એટલે સુધી કે ઇમામે હુસેન અ૦ પછી કોઇ ઇમામને ચેનથી રહેવા આપ્યા નહીં, કેટલાંક ઇમામને ઝાલીમોએ કેદ કર્યા સખત તકલીફો આપી, છેવટે ઝેર ખવરાવીને દગાથી શહીદ કર્યા, એટલે સુધી કે અગ્યારમાં ઇમામને પણ ઝેરથી શહીદ કર્યા.

તે પછી ઝમાનાએ રંગ બદલ્યો ઢંગ ઉલટયા અને નવીજ રીત ભાત ચલાવી ખુદાની મસલેહતથી બારમા ઇમામ ગાયબ થઇ ગયા, અને અમુક મુદ્દતે જાહેર થવાની પુરી વકી છે, પણ અફસોસ મવકો જોઇ જેના મગજમાં રીયાસતની હુબ પેઠી તે મહેદી હોવાનો દાવો કરી બેસે છે, પણ એવા દાવાથી એ મરતબો મળતો નથી, હ૦ મેહદી અ૦ જાહેર થવા માટે ઘણી નીશાનીઓ છે, તેમાંની મુખ્ય ખાસ બે નીશાની અમોએ આગળ લખી છે કે સુર્ય અસ્ત થવાની જગ્યેથી ઉદય થશે, અને આપ જાહેર થવાની ખબર જીબ્રઇલ પુકાર પાડીને આપશે તમામ દુન્યાના લોક બરાબર સાંભળશે માટે એ ખુદા સીવાય બીજાથી નબનવા જેવી નીશાનીની રાહ જોઇશું તો કોઇના ફરેબમાં નહીં આવીએ,

ઓ ઝમાના તેં ખાસાને ખુદાને ચેનથી રહેવા આપ્યા નહીં, અફસોસ એ સર્વે બુઝુર્ગોને તેઓની હયાતીમાં ઝાલીમોએ ઇજા આપી દુખઃ પહોંચાડયા, ઝુલ્મ કર્યા, તોહમતો મુકી, એટલુંજ નહીં પણ કેદ કર્યા, અરે તે ઉપર પણ બસ કરી નહીં અને હદથી વધીને કેટલાંકને ઝેર આપીને કેટલાંકને કતલ કરીને શહીદ કર્યા, એ ઉપર પણ કાંઇ ખામી રહી સમજીને પાછળ વાળાઓએ તેઓ ઉપર ખોટા આરોપો અને તોહમતો મુકી દફતરો ભર્યા જેમકે તે વીશે એક મ્હોટા મુજતહેદ નાએબે ઇમામ હાકીમે શરાઅ જનાબ મૌલાના વમુકતદાના સઇયદ **સુરતઝા** અલમુલ્લહોદા અઅલ્લલ્લાહો મકામોહુએ **"તબસેર-તુલ્અવામ"** નામની કીતાબમાં લખ્યું છે કે ઇસલામીઓમાંથી મોઅતઝલા અને ખારજીઓએ ખુદા, મલાએકા, પયગમબરો, માટે પણ ખરાબ લખાણો લખીને પુસ્તકો રચ્યા, અને એ નુરે ખુદાને ખતાવાર ઠેરાવ્યા, અને એનું કારણ એ કે અગર તેઓને કોઇ કહે કે તમારા પેશવાઓએ ખતાઓ કરી બુતપરસ્તી કરી વી૦ તો એ પોતાના પેશવાઓની બદનામી દુર કરવા ખાસાને ખુદા ઊપર તોહમત મુકયા કે કહેવા થાય કે જુવો પૈગમબરો વી૦ ઓએ પણ ગુનાહ કરેલ છે વી૦ એ પછી એ બુઝુરગો ઉપર મુકાએલ તોહમતો વી૦ લખેલ છે તે અહીંયા લખવાથી લંબાણ થાય તેથી ઇ૦ **કસસુલ અંબીયા**માં એ બાબતો તેના રદ દલીલો સહીત લખીશું

હાસલ કલામ એજ મુજબ મુજતહેદો અને આલીમો તેમજ હીદાયત કરનારાને પણ ઝમાનાએ પોતાના સપાટીમાં લીધા છે, અને ઝાલીમોએ સતાવ્યા છે, પણ હમેશા અને હરવખત હકની ફતેહ હકની ચડતી છે, એક વખતે કોઇ સવાલ કરે કે હકની ફતેહ છે તો કેટલાંક બુઝરગો ઉપર ઝાલીમોએ એટલો ઝુલ્મ કર્યો કે તેઓને છેવટે શહીદ કરી નાખ્યા તો ફતેહ કેમ થઇ કહેવાય ! તો જાણવું કે તેઓ હક ઊપર હતા એ વાત લોકોને સાબીત થઇ તેજ ફતેહ છે, અને ખરી ફતેહ એજ છે કે દુન્યામાં મઝલુમ કહેવાય છે સામાવાળા ઝાલીમ કહેવાય છે, અને આખેરતમાં એ મઝલુમો પરવરદીગારની બે શુમાર નેઅમતો પામવાના અને ઝાલીમો જીન્નાર થઇ સખત અઝાબમાં ગીરફતાર થવાના, અને હકવાળાને જાહેરી ફતેહ પણ ઘણી વખત થાય છે, અને ઝાલીમને દુન્યામાં પણ સજા મળ્યા વીના રહેતી નથી.

અરે ઝમાના તારો રંગ ઢંગ હાય તારા રંગ રૂપની તો ખબરજ પડી નહીં, અરે એક દીવસ એવો આવશે કે સખત દુકાળ પડશે, અને તેવામાં કાણો દજ્જાલ જાહેર થશે લોકોને ગુમરાહ કરવા માંડશે, હાય જેમ આ ઝમાનામાં નજીવા ફરેબીયોના ફાસામાં જાહીલો ફસાય છે તેમ તેના ફાસામાં પણ લોકો ફસાશે, અને તેનો મક્કર ફરેબ અને ફાંસો સર્વથી ચડીયાતો હશે.

અરે ઝમાના તારો રંગ ઢંગ તો ચાલેજ છે, દજ્જાલને લાંબો વખત રહેવા નહીં આપે ઝટપટ ટુંક મુદ્દતમાં હ૦ મેહદી અ૦ જાહેર થઈ તેને ઠેકાણે પહોંચાડી આપશે.

વાહ! એ ઝમાના તારો રંગ ઢંગ શું કહું ? એક વખત એવો આવશે કે જ્યાં જુવો ત્યાં **અલ્લાહ ! અલ્લાહ ! !** ના પોકાર સાંભળવામાં આવશે, બુતપરસ્તકે મુશરીકનું નામ નહીં રહે અરે ચારે તરફ દીને મોહમ્મદી ફેલાઇ જશે, બારમા ઇમામ આખી દુન્યાના માલીક થશે, દુન્યામાં ફકત એકજ મઝહબ ચાલશે તમામ મતભેદ વાદવીવાદ ઉડી જશે, સુબહાનલ્લાહ એ ઝમાનાની શીવાત ! અરે ઓ ઝમાનો એવો રંગ ઢંગ બતાવશે

કે ખાસ ખાસ મોહીબ અને ખાસ ખાસ દુશમનને સજીવન કરશે, મોહીબ પોતાના આકાની બાદશાહત અને સલતનત જોઇને ખુશ થશે અને ઐશ આરામ ભોગવશે, અને દુશમનો એ સલતનત જોઇને બળશે અને હસદ કરશે અને સખત ઇજા ભોગવશે.

**સુબ્હાનલ્લાહ** વાહરે ઝમાના પછી તો તારો એવો દોર ચાલશે કે આકા ઇમામે હુસેન અ૦ના કાતીલોને બીજી વખત સજા આપવા માટે જીવતા કરીને ૯૦ મેહદી અ૦ એ મલાઉનોને સજા કરશે.

હાય ઝમાનો અરે ઝમાના તારા ઢંગ ન્યારાજ છે રીવાયતમાં છે કે ૯૦ મેહદી અ૦ ઓગણીસ વરસ બાદશાહત કરી ખુદાની રહમતે પહોંચશે, તે પછીનો પણ ઘણો અહવાલ છે, પણ ટુંકમાં એકે છેવટે કયામત નજીક આવશે અને કયામતની નીશાનીઓમાંની કેટલીક નીશાની આ પણું છે કે—

આખર દુન્યા કયારે થાશે? શું તેનાં નીશાન*
તે બાબે લખવા હું ચાહું; હઝરતના ફરમાન*
નમાઝ પઢવી તજી દઇને, થાશે નફસ આધિન*
જોઇ તવંગર તાઝીમ કરશે, વેચી ઝટપટ દીન*
બદ કામોને પંડ પોતાથી, શકશે નહીં કરી દુર*
ઝાલિમ રાજા જાહેર થાશે, પરધાનો બહુ કુર*
નરસાં કામો સારાં ગણશે, ગણશે નેકને બદ*
થાપણવાળો ચોર ગણાશે, ગપ્પાંની નહીં હદ*
પુરો ગઠીયો શાહુ ગણાએ, સાચા સાયા જાય*
જુઠા સુંછે તાવ દઇને, સાચા બહુ કહેવાય*
મરદો ઉપર હુકમ ચલાવે, અક્કલ ઓછી નાર*
લોંડી કેરો મત લેવામાં, કરશે નહીં કંઇ વાર*
મીમ્બર ઉપર બચ્ચાં બેસે, જાણે મહા વીદવાન*
ઝકાતને તો દંડ સમજે, સઉ ભુલે સઘળું ભાન*
માત પિતાપર જુલમ ગુજારી; તજશે નિકટ યાર*
પૃછીયા તારા દેખાએ, સ્ત્રી માંડે વહેપાર*
રંક બીચારો તુચ્છ ગણાશે, થાશે નહીં વરસાદ*
હુરમત મોહટા કેરી જાશે, ન્હાનાઓ બરબાદ*
માણસરૂપી અંગ હશે પણ, ભીતરમાં શયતાન*
મરદો મરદો સંગત કરશે, સ્ત્રી સ્ત્રીમાં ગુલ્તાન*
મરદો સ્ત્રીનો ડોળ બનાવી, કરે બ્રતીશય તાન*
ઔરત મર્દનો સાજ સજીને, ધરશે મન અભિમાન*
સ્ત્રીયો મરદો પેઠે થાશે, ઘોડા ઊપર સ્વાર*
મસજીદોમાં ને કુરઆને, સોનેરી શણગાર*
રેશમ કેરા વસ્ત્રો પ્હેરે, મહીં સોનેરી ફીત*
જાહેર રીતે વ્યાજજ લેશે, લેશે લાંચજ નીત*

દુન્યા કેરી ચઢતી થાશે, દીનની પડતી જોય*
મરદો બહુ તલ્લાકો દેશે, જેના હદ નવ હોય*
પરવરથી નિમીત્ત થએલી, શીક્ષાઓ નહીં થાય*
વાજાં ગાજાં સાંભળવામાં, લોકો બહુ હરખાય*
ઉમ્મત કેરા નિર્લજ મરદો, કરશે વેશ્યા સંગ*
લાજ શરમ મર્યાદા મુકી, ધરશે અંગ ઉમંગ*
દોલતમંદો હરવા ફરવા કરવા જાશે હજ*
મધ્યમ લોકો વ્હેપાર અર્થે, ગરીબ રીયા*ની હજ*
કોમ એવી એક જાહેર થાશે, શીખશે બહુ કુરઆન*
પણ તે સરવે રીયા કેરૂં, નવ અલ્લાહનું ભાન*
અને થએલાં રાગે ગાશે, નિર્ભય થઇ કુરઆન*
દીની મસલા શીખે તેઓ, લેવા કાજે માન*
ઝીના કેરી વંશો થાશે, સંખ્યાનો નહીં પાર*
વિણ પરદે નીકળતો હોશે, ઓરત પરદેદાર*
પાપો કેરી હદ નહીં રહેશે, દુષ્ટોનું બહુ જોર*
માંહો માંહે ઝગડા થાશે, બહુ ફાકાનો શોર*
વાજાં ગાજાં ઢોલક બોલક, સારંગી સીતાર*
સાંભળવાને લોકો થાશે, હર્ષ થકી તઇયાર*
નેકી કરવાનું કહેવાની, રાખે નહીં દરકાર*
બદ કામોની મનાઇ પ્રત્યે, દરશાવે ધિક્કાર*
મોઅમિન સરવે ઝીલ્લત પામી, થાશે હલકા તુચ્છ*
માંગણ માંગી માંગી થાકે, આપે નહીં કો કુચ્છ*
એક નીશાની મોહટી એ છે, પ્રગટે પૂરવે આગ*
લોકોને પશ્ચિમમાં લાવે, બચવાનો નહીં લાગ*
દારૂ પુષ્કળ પીશે લોકો, વધશે વ્યભીચાર*
પુરૂષ ઓછા પૈદા થાશે, વધશે પુષ્કળ નાર*
પચ્ચાં બઇરે એકજ પુરૂષ, સમજો એજ શુમાર*
"લુહલુ" કહેજે ઘણી નીશાની, થાઓને થાનાર*

છેવટે દોઆ કરૂં છું કે ખુદાવંદા તમામ બીરાદરોને ઇમાની અને ખાસ કરીને **રાહેનજાતને** ચાહનાર તથા આ ગુનેહગારને અહલેબૈત અ૦ની મોહબ્બતથી માલા માલ કરી કયામતમાં તેઓનો દામન નસીબ કરી નજાત આપી જન્નતે ફિરદૌસમાં આલીશાન મકાન અતા ફરમાવ. (વાંચનાર સાહેબો આમીન કેહશો)

* લોકોને દેખાડવા માટે.

# હંમલએ હયદરી.

## પ્રકરણ ૧૧૯ મું,

**લડાઇના દીવસો વધારે થવાથી અબ્દેવદનું ગભરાવવું અને તેનું અબુસુફયાન સાથે વાત કરવું.**

મનકુલ છે કે જ્યારે આવી રીતે ઘણાં દીવસો થઇ ગયાં અને દીનના ખેરખ્વાહો અને મુશરીકોમાં ઘણી વખત નજીવા બનાવો બન્યાં, છેવટે ઉમર ઇબ્ને અબ્દેવદ અકળાયો અને લડવા માટે તૈયાર થયો અને એક રાતે ગુસ્સે થઈ અબુસુફયાન બેઆદબની પાસે આવ્યો અને સરદાર શું ત્હારા લેખામાં આ સઘળું લશ્કર કાંઇ નથી ? અને તું લડાઇના મેદાનને બચ્ચાઓની રમત સમજ્યો છે ?

**બઈંજાપએ રઝમો જંગ આમ દીમ૦**
**નઅઝબહરે બઝમો ફિરંગ આમદીમ***

અમોતો અહીયા લડાઇયો લડવા માટે આવ્યા છીયે કાંઇ બેશી રહેવા અને લડાઇમાં ઢીલ કરવા માટે આવ્યા નથી ત્રણ અઠવાડીયાં થયાં કોઇ લડવૈયો નમેદાનમાં ગયો ન તેની ધુંગ ઉડી તેમજ કોઇ શખ્સે લડવા માટે કમર બાંધી તેમજ કોઇ તલવારે પોતાનો ચ્હેરો લોહીથી ધોયો નહીં તેમજ કોઇ પણ પોતાના લોહીમાં લોટયો નહીં, ખબર પડતી નથી કે આ મામલો શું છે ? અને તને આટલા બધા ઓફ કેમ ઘેરી લીધો છે ? આ આટલાં

બધાં માણસો કે જે ઓછામાં ઓછાં દસ
ઝાર છે, તેઓ હઝરતે મોહમ્મદ સ૦ ની સ
દુશ્મની હોવાના કારણથી અને ત્હારા હુકમ
પોતાના ઘરબાર તજી દઇ લડવા માટે આ
છે અને લડાઇની રાહ જુવે છે, બલકે તું
એમજ કહેતો હતો કે અહીંયાથી ત્યાં પહોં
કે તરતજ લોહીની નદીયે. વહેવરાવું અને
દાન પરસ્ત એટલે ખુદાને માનનારાઓનું ન
નીશાન યસરિબમાં ન રહેવા દઉં તેમજ ન્હ
ન્હાના બાળકો પણ તેઓના ખોળામાં રહે
દઉં નહીં અને ઘરડાઓને તેઓના ઘરો
કતલ કરી નાંખું, અને પળવારમાં જંગલ
યાબાન અને શેહર એકજ તરાહના બના
દઉં અને કીલ્લાની જડ મુળને ઉખાડી નાંખ
કે જેથી બીજી વખતે યસરિબની હદમાં ક
પહાડ બહાડ નજર ન પડે અને તેઓના
પાયા માટે ચરાગાહ બાકી નહીં રાખું. તો
મઅલુમ થયું કે તે વખતે તું દુશ્મનીના
શામાં ચકચુર હતો અને વાહીયાત ગવૈરૂ
શરાબના ખુમ ખાલી કરતો હતો અને હ
અત્યારે ત્હારાથી એજ શરાબનો એક ચ્યા

પણ પીવાતો નથી ચાલ હવે તૈયાર થા અને કાંઇ હવા પકડ અને લોકોની સામે શરમાવું પડે એમ નકર.

**તોરા બીશનાસમ વચશમ આબ નીસ્ત***
**વલેકીન મરા બીશ અઝાં તાબ નીસ્ત***
**ચુ ફરદા શવદ મેહરે ગરદું નવર્દ***
**નવર્દમ સરા પ.એ દશ્તે નબર્દ***

હું તને સારી પેઠે ઓળખું છું કે ત્હારી આંખમાં જરાએ શરમ નથી પણ હું શું કરૂં તને કહયા વીના ધીરજ ધરી શકતો નથી જયારે કાલે સવારમાં સુર્ય ઉદય થશે ત્યરે લડાઇના મેદાનમાં લડાઇ થવી જોઇયે. સવાર પડતાંજ આ ઇસ્લામીઓને ફનાની હવામાં એવા ઉડાડીશ કે યસરિબની જડમુળ ઉખાડી નાંખીશ અને ત્હરૂં કહેવું બજાવી લાવીશ, અબુસુફયાને જયારે તે મુશરીકના મોંહથી આ કલેમા સાંભળ્યા ત્યરે તેને ખૌફ અને શરમથી પરશેવો આવ્યો અને કહેવા લાગ્યો કે અએ લડાઇના મેદાનની રોનક અએ પહેલવાન મ્હારા ઉપર આટલી બધી બદ ગુમાની નકર અને આ ઢીલ થવામાં મ્હારો એકલાનોજ વાંક કાઢ નહીં—

**હમાંનમ કે બુદમ ન દીગર શુદમ***
**અરાં દાસ્તાનમ કે પીશત ઝદમ***

યાદ રાખ હું એજ અબુસુફયાનછું કે તે પહેલાં હતો અને મેં જે કાંઇ પહેલાં કહ્યું છે તેના ઉપર હું કાયમ છું. પણ તને ઘટતું નથી કે તુ જેને સરદાર જાણે છે તેની સામે આવી વાત બોલે અને આવાં સખત અને કઠોર વેણ વાપરે, હા વાત કરવી હોયતો ધીમે ધીમે અને આહીસ્તા કરવી જોઇયે પણ સરદારની રૂબરૂ આટલા બધાં બેશરમ થઇ બકવું જોઇયે નહીં કેમકે જયારે સરદાર આવે બાબતોનો ખ્યાલ ન રાખે ત્યારે લશ્કરી માથા ઉપર ચઢી જાય અને કોઇ પણ જાતનો ખૌફ રાખે નહીં. અગર ત્હારો જંગ કરવાનોજ ઇરાદો છે તો હું પણ મ્હારી કમર બાંધી તૈયાર બેહેલો છું, કાલે તું હથીયાર બાંધીને મેદાનમાં આવ કે હું ત્હારી આગળ સઘળાં સીપાહીયો રાખું, પણ મ્હારી પાસે હમણાં સફકતલ કરી નાંખવી ઠીક નથી.

કેમકે આ ખંદક વચમાં એવી આવી ગઇ છે કે આપણે તેમાંથી નીકળી શકીશું નહીં તો અહીંયાથી કેવી રીતે લડીશું અને તેઓ ઉપર કેવી રીતે હુમલો કરીશું? માટે આ વખતે આપણા ઉપર લાઝીમ છે કે હજું થોડીવાર સબર કરીયે અને કોઇ યુકતીથી દાણો પાણી પણ પહોંચી શકે એવો રસ્તો કાઢીએ અને તેઓ માટે એવો કોઇ માણસ મુકરરર કરીયે કે તે તેઓની પાસે જરાએ દાણો પાણી જવા દે નહીં અને તેઓ ઉપર દુકાળ ઉપર દુકાળ થઇ પડે, અને જયારે એમ કરવાથી તેઓ ઘણાં ગભરાશે અને કમતાકત થાશે ત્યારે એક હુમલામાં ખંદક આપણા હાથમાં આવી જશે. બલકે આપણે આશા રાખીયે છીયે તે પ્રમાણે આપણી ફતેહ થશે તો તે વખતે અમારા કામને જોજે અને અમારા કલામને ન્યાયના ત્રાજવામાં તોલજે કે અમોએ કહ્યું હતું તેજ કર્યું કે તેની વિરૂદ્ધ થયું? અમરે કહ્યું અએ સરદાર આવી વાતો પડતી મુક કેમકે તેથી મ્હારૂં દિલ દર્દમંદ થાય છે, ખૈર ત્હારે કરવું હોય તે કર પણ મરદ લોકોને ઘટતું નથી કે આજીઓની જેમ ઇલાજ શોધવા નીકળે, હીલો યુકતી અને પ્રપંચ કરવો તો ઓરતોનું કામ છે કાંઇ શેર જેવા મરદોનું તે કામ નથી. આજ એવો વખત છેકે જેમાં ફરેબ કરવો ફોગટ અને મિથ્યા છે અને આપણી સંખ્યા તેઓ કરતા ઘણે દરજે વધારે છે, અગર તને વચમાં ખંદક આવી પડવાનો અંદેશો હોય તે તરફની લડાઇ મ્હારે હવાલે કર અને ખંદકની આ તરફ ત્હારા કબજામાં રાખ હું એકલો જઇશ અને કોઇને સાથે લઇશ

નહીં કેમકે જ્યારે હું લડવા ચાહું છું અને ઘોડા ઉપર સ્વાર થાઉછું ત્યારે મ્હારો ઘોડો દસ કમાન જેટલે છેટે એક ડગલું ભરે છે અને એટલી ઝડપથી ચાલે છે કે તેને હવા પણ પહોંચી શકતી નથી.

રોઝે ખંદક ચેજાએ સખુન ગુફ્તનઅસ્ત॰
કે પહેનાશ યકગામે અસ્પે મનસ્ત॰

અરે ખંદક મ્હારા શા લેખામાં છે તે મ્હારા ઘોડાની એક ફલાંગ જેટલી છે. અને ખંદકની ઉંડાઇથી બીહે છે પણ લાત અને હુમલાની મદદથી તેમાં એટલી પુસ્તી ભેગી કરૂં કે આખા લશ્કર માટે તેને પુલ બનાવી દઉં, બસ ટુંકમાં હું એટલુંજ કહુંછું કે એક પળવાર પણ ઢીલ કરીશ નહીં કાલે સવારમાં તું ત્હારા સીપાહીયો તૈયાર કર અને મૈદાનમાં ઉતરી પડ, અબુસુફયાને જ્યારે તેની આવી બડાઇયો સાંભળી ત્યારે તેને ખાતરી થઇ તેથી તેણે હુકમ આપ્યો કે કાલે સવારમાં સઘળું લશ્કર તૈયાર થાય અને હથીયાર સજીને લડાઇના મૈદાનમાં આવે, ઊંમર ઇબ્ને અબ્દેવાદ જ્યારે આ આમ હુકમ સાંભળી ચુકયો ત્યારે ત્યાંથી ખુશ થતો થતો ઉભો થયો અને પોતાના ખેમા તરફ આવ્યો.

નકલ છે કે કોઇ દાનિશમંદ બાહોશ માણુસ કોઇ અહંકારી અને મગરૂર માણસને શીખામણ દેતો હતો અને ઝમાનાની નીચાણ ઉંચાણ સમજાવતો હતો કે જ્યારે કોઇ ઝાડ મોહટું વિશાળ ઉગી નીકળે છે ત્યારે આ વિશાળ દુન્યાને પોતા માટે તંગ સમજે છે અને જાણે પોતાની દરેક ડાળી અને પાંદ જમીન નીચેની ગાય સુધી પહોંચેછે બલકે તે એવો ગુમાન કરે છે કે મ્હારા જેવું મોહટું અને પહોળું કોઇ નહીં હોય અને એમ સમજીને તે પોતાના અગમાંથી સઘવે જણને બળી નાંખવા માટે અગની બહાર કાઢે છે અને તેથી તે પોતાને બાળી મુકે છે,

મશાવ ગરરા બર ઝોરે ખુદ અએ દિલેર॰
કે નાગાહ બઝોરે ખુદ આઇ બઝેર*

અએ દિલેર પોતાના બળ ઉપર મગરૂર અને અહંકારી નથા કેમકે એકાએક તું પોતાનાજ જોરથી ઝેર થઇ જઇશ.

હાંસીલ કલામ તેજ પ્રમાણે અમર ઇબ્ને અબ્દેવદે કીના અને ગુસ્સાથી પોતાના અંગને બેહદ બાળ્યું, પછી જ્યારે તે ખયગામાં પહોંચ્યો ત્યારે તેણે પોતાના હથીયાર મંગાવી પોતાની સામે મુકાવ્યા પહેલાં તો તેણે તલવારને પત્થર ઉપર ઘશી ધારવાળી બનાવી અને કમાનની પીઠને અગની ગરમ દઇ નરમ કરી અને ભલા અને નેઝાને સખત કરી ઝેરમા બુઝાવ્યા અને દુશમનોને બાંધનાર કમંદ (ફંદા) ને ઠીક કર્યું અને પોતાની ઝીરેહને તેણે સયકલ કરી અને અરધી રાત સુધી તો તે આ પ્રમાણે તૈયારીમાં રહયો અને તે પછી સુઇ ગયો પણ તેના દિલના ગભરાટથી તેને જરાએ ઉંઘ આવી નહીં અને અજલના વેસાલ ( મેળાપ ) ના શોકે તેના મનમાં વધું આગ લગાડી એટલામાં પુર્વ તરફથી સુર્ય ઉદય થયો; તરતજ તે બીસ્તરમાંથી ઉભો થયો અને અવાજ આપ્યો કે ઘોડા ઊપર ઝીન મુકો અને તેને જલ્દીથી ખયમાના દરવાજા ઉપર લઇ આવો! હુકમ થતાં તરતજ નોકરોએ ઘોડા ઉપર ઝીન મુકયું અને તેનો તંગ ઘણો સખત બાંધ્યો, તે મલઉન પણ બીસ્તરમાંથી ઉભો થયો અને હથીયારો બાંધ્યા પહેલાં તેણે પોતાના અંગ ઉપર ઝીરેહ પહેરી જાણેકે એ લોહના પહાડે ઝીરેહ પહેરી હોયની ! ! પછી પોતાના માથા ઉપર ફોલાદી ખોદ મુકી તે એક પર્વત ઉપર ગુંબદ હોયની એમ જણાવા લાગી પછી ખભા ઉપર કમાનને બાંધી અને સાંકળનો પટકો કમર ઉપર બાંધ્યો અને ઢલને પીઠ ઉપર લટકાવી અને તરકીશ અને કમાનો લટકાવી કે જે પહાડ ઉપરના ખુરમાના ઝાડ

જેવા દેખાતા હતાં અને તેનુ તોલ રૂમી હીસાબ પ્રમાણે બસો મણ ગણાતુ હતુ પછી કમંદ ( ફંદો ) ને અજગરની જેમ બાઝુ ઉપર લટકાવી અને તલવાર પણ બાંધી અગર તે વખતે તેને મોહટો ઝબર દસ્તર દેવ પણ જોતે તો તેનાથી નાશીને પહાડ બહાડમાં સંતાઇ જતે, જ્યારે તે કાફર તૈયાર થઇ ચુકયો ત્યારે અવાજ આપ્યો કે ઘોડને લાવો અને મોહમ્મદી ( સ૦ ) ટોળાને મ્હારા આવવાની ખબર આપો. ખાદીમે તરતજ ઘોડાની અંધારીયો કાઢી લીધી અને તે મલઉન મસ્તાન હાથીની જેમ કુદી તેના ઉપર સવાર થયો, જ્યારે તે સવાર થઇ ચુકયો ત્યારે તેણે પોતાના હાથમાં એક નેઝો લીધો અને એક મોહોટો થંભ ઘોડાના કરબુસ ઉપર મુકયો જાણે પહાડની અંદર પહાડ દેખાતો હોયની ! પછી નેઝાને ઘોડાના કાન ઉપર મુકીને લગામ ઢીલી કરી સુરણાઈયો વાગવા લાગી અને ઢોલ વગાડનારાએ જંગી ઢોલ વગાડયું. જેથી આખુ આકાશ ગાજી ઉડયું અને મલાએકાઓ પોતાનો ઝીકર ભુલી ગયાં અને સુરણાઇયોની ફરીયાદથી કાફેરોનું લશ્કર હોશમાં આવ્યું અને પોતાની જગ્યાએથી આગળ ચાલ્યું અને ચારે તરફ શોરબકોર અને ભારે હીલચાલ પડી ગઇ અને ઘોડાઓના ટાપુઓ જમીન ઉપર ધડાધડ પડવા લાગ્યા અને ઉંચાણનો ચાલ સરખી થઇ ગઇ અને એટલી ધુળ ઉડી કે રાતની જેવું અંધારૂં ફેલાઇ ગયું. હાંસીલ કલામ તે મલઉન વિકરાળ સીંહની જેમ બુમો પાડતો અને આમ તેમ જોતો ધુળ ઉરાડતો ખંદકના કીનારે આવ્યો, અને પેલી મેરથી ઇસ્લામી શુરવીરોએ ઇંટારા અને પથ્થર મારવા શરૂ કર્યા પણ આ લોઢામાં ગરક થએલ મરદુદે તેનો જરાએ ખયાલ કીધો નહીં. જ્યારે ખંદકના કીનારે આવ્યો ત્યારે જરા ઝુકીને જોયું અને પછી ઘોડાને મેહમીઝથી તેઝ કર્યો, તે ઘોડો એકદમ કુદીને ખંદકથી નીકળી ગયો અને આણીમેર સવાર લોકો હારબંધ ઉભા રહયા, જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ તે મુશ્રીકોને અનહદ દમામથી મયદાનમાં જોયાં ત્યારે તેઓએ ઇસ્લામી ફોજને પણ તઇયાર કીધી.

લખે છે કે જ્યારે કુરેશીયોએ શોરબકોર મચાવી મુકયો અને આણી મેર હઝરતે રસુલે ખુદા સ૦ પોતાના લશ્કરને તઇયાર કર્યું એટલામાં અમર ઇબ્ને અબ્દેવદ મલઉને લડાઇપો તલબ કર્યો અને તેથી પેલી મેર ઇસ્પંદયાર અને રૂસ્તમની લાશો તેઓની કબરોમાં ધરૂજવા લાગી, અને આણી મેર હઝરતે રસુલે ખુદા સ૦ પોતાના લશ્કર તરફ જોયું પણ કોઇને તે મલઉનના મુકાબલામાં ઉભો રહે એવો ન જોયો સઘળાં જણાએ પુતળાઓની જેમ સ્તબ્ધ ઉભાં હતાં અને તેની હયબતથી આખું મયદાન ધરૂજી રહ્યું હતું. આખર હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ (કે બસ તેઓજ તેનો મુકાબલો કરી શકે તેવાં હતાં) ઘોડાની લગામ ખેંચી હઝરતે રસુલે ખુદા સ૦ ની ખીદમતમાં આવી લડવાની રૂખસત ચાહી, હઝરતે રસુલે ખુદા સ૦ તેઓને રજા ન આપી. અમરે થોડીવાર પછી વળી નાઅરો માર્યો કે આ લશ્કરમાં એવો કોઇ જવાં મરદ છે કે મયદાનમાં આવી મ્હારી સાથે લડે.

બે બીનીમ તામેહરો કીને કઝા
નવાઝદ કેરા ખ્વાર સાઝદ કેરા

એટલે અમો જોઇયે કે કઝાઓ કદર કોને ખ્વાર કરેછે અને કોને ઇજ્જત આપે છે, જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ તેની આ વાત બીજી વખત સાંભળી ત્યારે વળી પોતાના લશ્કર તરફ જોયું અને ફરમાવ્યું કે તમારામાં કોઇ એવો છે કે જે આ મલઉનના મુકાબલામાં જઇ લડે ? પણ કોઇએ જવાબ આપ્યો નહીં ગોયા કોઇને બોલવાની શકતીજ નહતી, પણ હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ આગળ ના-

ફળી રૂખસત ચાહી અને બોલ્યા કે તેની સાથે લડનારો હું છું અગર રજા આપો તો હમણા હાલ હું તેને તેની જીભ લંબાવવાનો મઝા ચખાડુ અને માત્ર તલવારના એકજ વાર વડે તેને જહન્નમ વાસીલ કરી દઉં. હઝરતે ફરમાવ્યું અએ મારી આંખોના નુર મારા મા બાપ તારા ઉપર ફીદા થાય આ અમરબિન અબ્દેવદ બોલ્યા છે અને તેના દબદબાથી શેર પણ નાશી જાય છે. અસદુલ્લાહુલ ગાલિબ મઝહરૂલ અજાઇબે અરઝ કરી કે યા રસુલે ખુદા સ૦ મને પણ તે નીચની જરાએ બ્હીક નથી—

**કે મન હમ અલીઅીન અઅી તાલીબમ॰**
**હુદાની ઝે પુશ્તે બની ગાલિબમ॰**

કે હું પણ અલીઅીન અબીતાલીબછું અને જેઓ સરવે ઉપર ગાલીબ છે તેની વંશમાં નોછું આ પછી હઝરતે વળી લશ્કર તરફ ઇશારો કર્યો કે શું તમારામાં કોઇ એવો નથી કે આનો મુકાબલો કરે ? આથી ઉમર ફારૂક અરજ કરી કે યા રસુલે ખુદા સ૦ આ મલઉનની સાથે મુકાબલો કરે તેવો તો આખા ઝમાનામાં પણ નીકળનાર નથી આ એવો બહાદુર અને શુરવીર છે કે શેરના માથા બકરીના માથાની જેમ કાપી નાંખે છે અને તેની બ્હીકથી મોહટા મોહટા દેવ રાતરે સુઇ શકતા નથી.

**બદસ્તે કે ઉ બરઅરોશદ ઝેની॰**
**બે જુંબદ સિપેહરો બે લરઝદ ઝમીં**

જે મયદાનમાં તે ગુસ્સાથી બુમ પાડે તે મયદાનની જમીન અને આકાશ ધુજવા લાગે, યા નબીયલ્લાહ તેની કુવ્વત એટલી છે કે અગર તેના હાથમાં ઝમાનાની લગામ હોય તો એવી મજબુત પકડી રાખે કે તેને જરાએ ફરવા દે નહીં અને અગર તે ચાહે તો આખા પહાડને હાથ ઉપર ઉપાડી લોએ જેમકે મને આ વખતે એક કીસ્સો યાદ આવ્યો કે બનવાકાળ હું શામની સફરમાં તેની સાથે હતો અને થોડોક રસ્તો કાપ્યા બાદ લુંટારાઓએ અમારા ઉપર હુમલો કર્યો અને શમશીર અને ગુર્ઝ લઇ અમોને લુંટવા શરૂ કર્યા અને તે લુંટારાઓની સંખ્યા એક હઝાર માણસની હતી તેઓએ અમારા આખા કાફલાને વિખેરી નાંખ્યો અને કોઇમાં પણ તેઓનો બદલો લેવાની શકતી રહી નહીં પણ આ મલઉને પોતાની મ્યાનમાંથી તલવાર કાઢી અને એક ઉંટને ઢાલ તરીકે ઉંચકી લીધું એને તેઓ ઉપર હુમલો કર્યો અને તેઓ આ રૂસીયાહનું નામ સાંભળતાં નાશી ગયાં અને કેટલાંક લોકોએ કાફલાને લૂટતાં પોતાના હાથને પાછો ખેંચ્યો તો તેથી હું આખા અરબમાં તેનો બરોબરીયો જાણતો નથી અને તે દીવસથી હું તેનાથી ઘણો બીહુંછું, જ્યારે આ વાતચીત થતાં વાર લાગી ત્યારે તે મલઉન વળી બુમ પાડી બોલ્યો કે અએ મુસલમાનોના ટોળાઓ અમરબિન અબ્દેવદ મૈદાનમાં લડવા માટે તૈયાર ઉભો છે અને તમારો હાલ અત્યારથીજ આવો થઇ ગયો છે, શું તમો નામરદના ટોળાં છો કે ઓરતોના ટોળાં છો ? તે કાફરના આ શબ્દો સાંભળી હઝરતે અમીરૂલ મોઅમેની અ૦ ને ધીરજ રહી નહીં અને અત્યંત ગુસ્સાથી કપાળ મુબારક ઉપર કરચોલી પડી ગઇ.

**ઝે ગયરત દર આમદ ચુ દરિયા બજોશ॰**
**મનમ ગુફ્ત મરદ લુ અએ ખુદ ફરોશ॰**

આથી તેઓ દરિયાની જેમ જોશમાં આવ્યાં અને તેને કહ્યું કે હું ત્હારી સાથે લડનારો તૈયારછું. આ વાત કહીને તેઓ હઝરતે રસુલે ખુદા સ૦ ના કદમ મુબારક ઉપર પડયા અને બંને કદમ ચુમીને અરઝ કીધી કે અએ સરદારે અંબીયા સુલતાને અરઝો સમા અગર મ્હારા માથા ઉપર આકાશની ચકકી ટુટી પડે તોએ એ કરતા બેહતર છે કે આ બદબખ્ત

આ રીતે મૈદાનમાં ફરે અને વારંવાર પોતાની સાથે લડનારો માંગે અને કોઇને મર્દ ન ગણે અને આપણા ઇસ્લામી લશ્કરમાંથી કોઇ ન જાય અને કોઇ જવાબ ન આપે.

બરાએ ચે કારંદ ચંદીં સિપાહ*
કે તરસંદ અઝયક તને કીન ખ્વાહ*

આટલા બધા સીપાહીયો શા કામમાં આ શે જ્યારે તેઓ માત્ર એકજ જણથી બીહે છે.

અગર તેનો બરોબરીઓ કોઇ નથી તો પરવરદિગારની મ્હેરબાનીથી અને તેણે આપેલી કુવ્વતથી હું તેનો મુકાબલો કરનાર મરદ છું બસ આપ રજા આપો એટલીજ વાર છે, અલ્લાહના હુકમથી હમણાં હાલ તેનું માથું કાપી લાવુ છું અને તેને આ ફોગટના કલેમાનો મઝા ચખાડુ છું.

# હઝરતે ઈમામે મેહદી અ૦ની કેટલીક ખાસ સીફાતો.

(લ૦ મોમીન વલી મોહુમ્મદ—સી. અમદાવાદી.)

મોતવાતિર અને સનદવાળી હદીસોથી, હદીસો લખનારાઓએ હઝરતે ઇમામે મેહદી અ૦ની ખાસ સીફાતો સંબંધે ઘણી કીતાબો લખેલી છે. અને તેમાંની થોડી અમે પણ નીચે લખીયે છીએ—

૧—એ હઝરતના નુરમાં બીજા નુરો કરતા ફરક વીશે, મેઅરાજની હદીસોમાં તફસીલથી બયાન થયું છે કે મલાએકએ મોકરરબ.ન અને નબીયો કરતા આપનું નુર વધી જાય એવું છે.

૨—તે જનાબ અ૦ના નસબની શરાફત છે. કેમકે તે હઝરત પોતાના સર્વ પાકપાકીઝા બાપદાદાના નસબની શરાફતના ધરાવનારા છે, અને તેઓની માતાનું નસબ હઝરતે ઇસા અ૦ના વસી જનાબે શમઉન સુધી પહોચે છે, અને તેથી નબુવત શીવાય હઝરતે રસુલે ખુદા સ૦ની સાથે બરાબરી કરી શકે છે. અને હઝરતે રસુલે ખુદાસ૦ સર્વ મત અનુસારે સર્વ અંબીયાઓ કરતાં અફઝલ અને શ્રેષ્ઠ છે, અને અઇમ્મા અ૦મે ફરમાવ્યું છે કે—

**અવ્વલોના મોહુમ્મદ વ આખેરોના મોહુમ્મદ વ અવસતોના મોહુમ્મદ વકુલ્લોના મોહુમ્મદ.** અને એવીજ રીતે ફરમાવ્યું છે કે **વ ઇલ્મોલના વાહેદ વ નુરોના વાહેદ વ કુલ્લોના વાહેદ** (તે છેલ્લે સુધી) એટલે અમારામાનો પહેલો મોહમ્મદ છે, છેલ્લો મોહમ્મદ છે, વચલો મોહમ્મદ છે, અને અમારામાંના સઘળાં મોહમ્મદ છે, અને અમારૂં ઇલ્મ અને નુર સઘળું એકજ છે અને અમે સઘળાં એકજ છીયે. અમારામાંના નાના મોહટામાં કાંઇ ફેર નથી. પરંતુ મોહમ્મદ સ૦ અને અલી અ૦ અમારા ઉપર ફઝીલત ધરાવે છે કે તેઓ અમારા બાપ, દાદા અને અમારાં મુળ છે. અને આવી રીતની મોઅતબર સનદવાળી સંખ્યાબંધ હદીસો અઇમ્મએ અતહાર અ૦થી વારિદ છે. ૩—તે હઝરતને તેમના જન્મના દીવસે અર્શના સરા પર્દા ઉપર લઇ જવામાં આવ્યા છે અને હકતઆલા તરફથી ખીતાબ થયો છે કે મ્હારી મદદ માટે અને મ્હારા હુકમના જાહેર કરવા માટે અને મ્હારી ઇબાદત કરનારાઓની હીદાયત કરવા માટે ઉતપન્ન કરવામાં આવેલાં હે મ્હારા બંદા મરહબા! ૪—તે હઝરતના માટે બયતુલ હમ્દનું હોવું, બયતુલ હમ્દ એક ઘરનું નામ છે. નોઅમાનીએ

નકલ કીધી છે કે તે ઘરમાં એક દીવો છે કે તે હઝરતે મેહદી અ૦ના જન્મના દીવસથી બળે છે અને તેમના જાહેર થવા સુધી બળતો રહેશે. ૫—હઝરતે રસુલે કરીમ સ૦ના નામ અને કુનીયત વીગેરે સર્વ સીફતના ધરાવનાર છે. ૬—તેઓના નામ અને કુનીયતનું જીભ વડે વર્ણન કરવું હરામ હોવું. ૭—પૃથ્વી ઉપર વિલાયત, વિસાયત, ઇમારત, ખિલાફત. ઇમામત, રિયાસત, સલતનત એ સર્વનું તે હઝરતની જાત ઉપર પુર્ણ થવું. ૮—જન્મ કાળથીજ તેઓનું છુપા રહેવું, અને નુરાની આલમમાં રૂહુલ કુદુસની પાસે રહી ઉછરવું. ૯—કાફેરો, મુનાફિકો ફાસિકો અને ઝાલીમો ઇત્યાદી ગુન્હેગારોની સોહબતમાં ન રહેવું. ૧૦–ઝાલિમોમાંના કોઈના હાથે તેમનું બૈઅત ન કરવું. ૧૧—હઝરતે રસુલે ખુદાસ૦ની પીઠ મુબારક ઉપર જેવી નીશાની હતી તેના જેવી નીશાની તેમની પીઠ ઉપર પણ હોવી. ૧૨—આસમાની કીતાબોમાં તેમના અલકાબનું બયાન હોવું ૧૩—તે હઝરતના જાહેર થવાના વખતે આસમાની અજાએબાત તેમજ જમીન ઉપરની અજાએબાતનું જાહેર થવું. ૧૪—તેઓના જાહેર થવાના વખતે નીચે મુજબનો આસમાની અવાજ થવો—**હાઝા હોવલ મેહદીયુલ મવઉદ ફી આખેરૂઝ્ઝમાન ફત્તબેઉહો** એટલે આખેર ઝમાનામાં જે મેહદી અ૦ થવાનો વાયદો આપવામાં આવ્યો હતો તે મેહદી અ૦ આએજ છે તેમની પૈરવી કરો. ૧૫—તેમના જાહેર થવાના વખતે આસમાનોના ફરવાની ગતીનું મંદ થવું. ૧૬—હઝરતે મોહમ્મદ સ૦ની વફાત બાદ હઝરતે અલી અ૦ જે કુરઆને પાકને લગારે ફેરફાર વિના જે અનુક્રમે ઉતર્યું હતું તે અનુક્રમે એકઠું કીધું હતું અને તેને કેટલાંક કારણથી બાહેર પાડી શકયા નહીં તે કુરઆનનું જાહેર થવું. ૧૭—એક સુફેદ વાદળનું હઝરતે મેહદી અ૦ના સર મુબારક ઉપર હમેશાં છાંયો કરતા રહેવું અને તે વાદળમાંથી અવાજ આવતો રહેવો.

૧૮–ફિરિસ્તાઓ અને જીનાતોનું તે હઝરતના લશ્કરમાં દાખલ હોવું અને તેમની મદદ માટે તે લશ્કરનું જાહેર થવું.

૧૯—સમયની અને રાત દીવસની લંબાઇથી તેમના શરીર ઉપર અથવા શક્તિ ઉપર કોઇ જાતનો અસર ન થવો. અને જો કે આજ એક હજાર ચાલીસ અને કેટલાંક વર્ષની તેમની ઉમર થઇ છે, અને હજુ કયાં સુધી તેમની ઉમર હશે તે તો ખુદાજ જાણે છે, તો પણ તેમના રૂપકે ચ્હેરામાં ફેરફાર ન થવો, જેમકે હઝરતે ખીઝર અને હઝરતે ઇસા અ૦ જ્યારે તેઓ જહુર ફરમાવશે ત્યારે તેઓ ત્રીસ અથવા ચાળીસ વર્ષની ઉમરના માણસ જેવડા લાગશે.

૨૦—જ્યારે તેઓ જાહેર થશે ત્યારે સઘળાં પ્રકારના પ્રાણી જમીન ઉપર વસનારાં અને દરિયામાં રહેનારાનુ એક બીજાથી ન ગભરાતાં તેમજ ન બીહતા હળી મળી રહેવું.

૨૧—કેટલાંક મુરદાઓનું તેમની રકાબ આગળ તેમના જાહેર થવાના વખતે સજીવન થવું. અને રીવાયતમાં આવ્યું છે કે હઝરતે મુસા અ૦ની કૌમમાંના સાત માણસો, અરહાબે કહફમાંના સાત માણસો, યુશોબ બિન નુન સલમાન અને અબુ દજાનાના અનસારી સજીવન થઇ ઉઠશે. ૨૨—જમીનનું, સઘળાં ખજાનાકે જે તેમાં છુપેલાં છે તેનું જાહેર કરવું. ૨૩—વરસાદનું પુષ્કળ વરસવું, ઘાંસનું પુષ્કળ ઉગવું, ઝાડપાન વનસ્પતિ મોસમ અને મોસમ વીના મેવાઓ અને બીજી નેઅમતોનું પુષ્કળ થવું. ૨૪—હઝરતે મેહદી અ૦ના વજુદની બરકતથી લોકોની અક્કલોનું પુર્ણ થવું. અને સઘળાં માણસોના મનમાંથી કીના–દ્વેષ અને હસદ અદેખાઇનું દુર થવું. અને લોકોના અંતઃકરણોનું એવા શુધ્ધ થવું કે **હાબીલના** કાતલ

થવાના વખતથી અત્યાર સુધી માણસને એક જુદોજ સ્વભાવ મળ્યો હોવાની ૨૫—તે હઝરતના અસહાબોને, જોવા સાંભળવાનો પુર્ણ અને હેરતનાક શક્તિયોનું ખુદા તરફથી મળવું ૨૬—તે હઝરત અને તે હઝરતના અસહાબોની ઉમરો લાંબી હોવી ૨૭—તે હઝરતના અનસારોના શરીરોથી સર્વ બલાઓ અને આફતોનું દુર હોવું. ૨૮—ખુદા તઆલા તરફથી, તે હઝરતના અનસારોમાંના દરેકને ચલીસ માણસ જેટલી કૌવતનું મળવું. ૨૯—તે હઝરતના નુરના પ્રકાશનું સુર્ય ચંદ્ર કરતાં ચઢીયાતાં હોવું. ૩૦—તે હઝરતની પાસે હઝરતે રસુલે ખુદ મેહમ્મદે મુસ્તફા સ૦નો રાયત (અલમ) હોવો કે જે બદર અને જમલની લઢાઇ વિના બીજી કોઇ પ્રસંગે ખોલવામાં આવ્યો નથી.

૩૧—હઝરતે રસુલે ખુદા મોહમ્મદે મુસ્તફા સ૦ ની ઝીરેહ, હઝરતે ઇમામે મેહદી અ૦ના શરીર મુબારક વીના બીજા કોઇના શરીર ઉપર બંદબેસ્તી ન આવવી, ૩૨—મુશરેકીન, ફાસેકીન, અને મુનાફેકીનનો ખૌફ અને તકરુપો ઉઠી જવો, ૩૩-હઝરતે ઇમામે મેહદી અ૦નું આખી દુન્યા, સુકી જમીન અને દરિયા પુર્વથી પશ્ચિમ સુધી પહાડ અને જંગલ વી૦ સર્વ કબજે કરી લેવું અને તેમાં તેમનોજ હુકમ જારી થવો, ૩૪—જેવી રીતે આખી દુન્યા ખરી અને મોઠી ગુન્હેગારી અને નાપાકો અને ફિસ્કો ફુજુરથી ભરાઇ ગઇ હશે તેવીજ રીતે તેમનુ, તેને અદલ ઇનસાફથી ભરપુર કરવું ૩૫-સર્વ જુદા જુદા મઝહબોનું એક મઝહબ થવું દુન્યામાં કોઇ માણસ એવો નહીં હોય જે કલેમએ "લાએલાહ ઇલ્લલ્લાહુ મોહમ્મદુર રસુલુલ્લાહ" પડતો નહીં હોય ૩૬-તે હઝરતનું લોકોમાં શાહેદી ગવાહી વિના પોતાની ઇમામતના ઇલમના કારણથી અદલ ઇનસાફ કરવું, ૩૭-તે હઝરતના ઝમાના સુધી જારી ન થયાં હોય તેવા ખાસ અહકામો લાવવા જેમકે ઇકમાલુદ્દીનમાં અને કિતાબે મુસ્તતાબે કાફીમાં છે કે જનાબે ઇમામે જઅફરે સાદીક અ૦ થી મરવી છે કે ઇસ્લામમાં બે ખુન ખુદા તરફથી હલાલ છે એક તો મોહસીનાખોરને રજમ કરી મારી નાંખવો, અને ઝકાત ન દેનારાને ગરદન મારવો. અને ખેસાલમાં હઝરતે ઇમામે જઅફરે સાદીક અ૦ થી મરવી છે કે હઝરતે ઇમામે મેહદી અ૦ ત્રણ ચીજનો એવો હુકમ કરશે કે તેમની પહેલાં કોઇએ નહીં કર્યો હોય તે બુઢ્ઢા ઝાનીને, ઝકાતના માનેઅને કતલ કરશે, અને એક ભાઇને તેના બીજા ભાઇથી મીરાસ અપાવશે એટલે જે બે જણાએએ માંહોમાંહે ભાઇપણાનો અકદ (ગાંઠ) બાંધ્યો હશે તેઓ બન્નેમાં એક બીજાને મીરાસ અપાવશે; ૩૮-સત્તાવીસ હરફના સઘળાં ઇલમોનું દુન્યામાં જાહેર થવું, કે આખી દુન્યામાં અંબીયા અ૦ ને બે હરફનું ઇલમ આપવામાં આવ્યું છે અને બાકીના ૨૫ હરફનું ઇલમ કોઇને આપવામાં આવ્યું નથી. તે હઝરતને એ સત્તાવીસે હરફેનું ઇલમ આપવામાં આવશે. ખરાએજે કુત્બુર રાવન્દીમાં હઝરતે ઇમામે મોહમ્મદે બાકીર અ૦ થી મરવી છે કે ઇસ્મે અઅઝમના ૭૩ હરફ છે, તેમાંનો એક હરફ હઝરતે સુલયમાન અ૦ ના વઝીર આસેફને આપવામાં આવ્યો હતો.

અને તેના પ્રતાપે બિલકિસના અર્શને એક મહીનાના રસ્તાની દુરીથી માત્ર એક આંખના મીચકારા જેટલા વખતમાં લાવી શક્યો હતો. અને બાકીના ૭૨ હરફ અમો અહલે બયતને અતા કરવામાં આવ્યા હતા. અને બાકીનો એક હરફ તે ખાસ પરવરદિગારનો છે, અને હઝરતે અલી અબદુલ્લાહ અ૦ થી મરવી છે કે હઝરતે ઇસાબિન મરયમ અ૦ ને તેમાંથી બે હરફ અતા કરવામાં આવ્યા હતા કે તેના વડે જે કાંઇ કરતા હતા તે કરતા હતા. અને હઝરતે મુસા અ૦ ને ચાર હરફ આપવામાં

ઇલ્મ શોખના
લાઈબ્રેરી
શેઠ હાજીભાઇ આમદાણી



આવ્યા હતા અને હઝરતે ઇબ્રાહીમ અ૦ ને આઠ હરફ આપવામાં આવ્યા હતા, અને હઝરતે નુહ અ૦ ને પંદર હરફ આપવામાં આવ્યા હતા અને હઝરતે આદમ અ૦ ને પચીસ હરફ આપવામાં આવ્યા હતા, અને અહલેબૈત અ૦ માટે ખુદાએ એ સર્વ હરફોને એકઠાં કર્યા એટલે તેમને ૭૨ હરફ આપ્યા અને એક ઇમામ પોતાની બાદ બીજા ઇમામને સોંપતા ગયા એટલે સુધી કે તે સરવે હઝરતે ઇમામે મેહદી અ૦ માં એકઠાં થયાં.

૩૯—પોતાના અનસારો અસહાબો માટે હઝરતે ઇમામે મેહદી અ૦ નું આસમાનમાંથી તલવારો લાવવું. ૪૦—હઝરતે ઇમામે મેહદી અ૦ ની, તમામ જાનવરો, જમીનના તથા દરીયાઓનું તાબેદારી કરવું. ૪૧—હઝરતે મુસા અ૦ ના પત્થરમાંથી, દુધ અને પાણીની બે નહેરેનું વહેવું. ૪૨—જયારે હઝરતે રસુલે ખુદા સ૦ મેઅરાજે ગયા અને ખુદાએતઆલાએ તેમને અઇમ્મએ હોદા અ૦ ના નુરની શબીહો દેખાડી ત્યારે તેમનું હઝરતે ઇમામે મેહદી અ૦ ને ઓળખવું. ૪૩—હઝરતે ઇમામે મેહદી અ૦ ની મદદ માટે, હઝરતે મરયમ અ૦ ના પુત્ર હઝરતે ઇસા અ૦ નું આસમાન ઉપરથી નીચે ઉતરવું, ૪૪—હઝરતે ઇમામે મેહદી અ૦ ની સાથે હઝરતે ઇસા અ૦ નું જમાઅતની સાથે નમાઝ પડવું ૪૫—હઝરતે ઇમામે મેહદી અ૦ શીવાય હઝરતે અલી અ૦ ની બાદ કોઇના જનાઝા ઉપર સાત તકબીરોનું જાયઝ ન હોવું ૪૬—દજ્જાલ લયનને કતલ કરવું. કે તે વાદીયે બેદામાં હઝરતે ઇમામે મેહદી અ૦ ના હાથે માર્યો જશે, ૪૭—હઝરતે ઇમામે મેહદી અ૦ ની સલતનતનું કયામત સુધી કાયમ રહેવું, ૪૮—હઝરતે મુસા અ૦ ના જે પત્થરમાંથી દુધ અને પાણીના ઝરા જારી થશે તે પત્થરને પોતાની સાથે રાખવું, અને પોતાના લશ્કરને પાણીનું ભાતું સાથે નહીં લેવાનો હુકમ કરવો જે જે મનઝીલે તેઓ પડાવ નાંખશે તેતે મનઝીલે તે પત્થરમાંથી પાણી જારી થશે અને જે કોઇ તેમાંથી પીશે તે તૃપ્ત થશે, ૪૯—તે હઝરતની પાસે હઝરતે મુસા અ૦ નો અસા, હઝરતે સુલયમાન અ૦ ની વીંટી હઝરતે આદમ અ૦ નું પેહરણ અને હઝરતે મોહમ્મદ સ૦ ના હથીયારો હોવાં, ૫૦—તે હઝરતની પાસે જફરે અહમર, જફરે અબયઝ, જફરે જામેઆ અને મુસહફે ફાતેમાનું હોવું, હઝરતે ઇમામે જઅફરે સાદીક અ૦ થી મરવી છે કે જફરે અહમર એક એવું વાસણ છે કે તેમાં હઝરતે રસુલે ખુદા સ૦ ના હથીયાર રહે છે, અને તે ઉઘડતું નથી પણ અમો અહલે બયતમાંના એનાથી કે જે શમશીર અને સલતનતનો માલીક હોય. અને આ એ બાબતની તરફ ઇશારો છે કે હઝરતે ઇમામે મેહદી અ૦ જહાદ કરશે અને ખુદાની હદુદ કાયમ કરશે અને જફરે અબયઝ તમામ પયગમ્બરો અવસીયાઓ અને પહેલાંના બીજા આલીમોના ઇલમોને કહે છે, અને જફરે જામેઆ હલાલ હરામના સઘળાં અહકામોના ઇલમને કહે છે અને મુસહફે ફાતેમા અ૦ એને કહે છે કે એક વખત જનાબે ફાતેમા અ૦ ઘણાં દીલગીર હતાં તેથી હઝરતે જીબરઇલ અ૦ આવ્યા અને તેમને દીલાસો દેવા માટે દોસ્ત અને દુશ્મનનો સઘળો અહવાલ કહી સંભળાવ્યો જને હઝરતે અલી અ૦ મે પોતાના અક્ષરોમાં લખી લીધો અને સહીફા એક એવી કીતાબ છે કે જે હઝરતે મેહમ્મદ સ૦ ની લખાવેલી છે અને હઝરતે અલી અ૦ ના અક્ષરની છે કે તેમાં હલાલ અને હરામના સર્વ અહકામો છે અને તે હઝરતેઇમામે મેહદીઅ૦ની પાસેછે અને બયતુલ કદરની રાતે તે હઝરતની ખીદમતમાં મલાયકા અને રૂહ હાજર થશે અને એ વર્ષમાં જે કાંઇ બનવાનું હશે તે કહી

સંભળાવશે અને એવી રીતે બીજી નીશાનીયો છે અહીં સુધી ટુંક રૂપે અમે હઝરતે ઇમામે મેહદી અ૦ના ખસાએસ બયાન કીધાં. અને તે સઘળાં મોહટી મોહટી સનદવાળી કીતાબોના આધારે છે જેને જોવું હોય તે કાફી કુલયની ખસાએજે કુત્બે રાવન્દી, તફસીરે અલી ઇબ્ને ઇબ્રાહીમ, બેહારૂલ અનવાર અલ્લામુલવરા શેખ તિબ્રસી, ગૈબતે નોઅમાની, ઇકમાલુદીન, ઇરશાદે મોફીદ, બસાયરૂદરજાત, ઉયુનુલ અખબાર, તફસીરે અય્યાસી, ઇહ્તેજાજે શેખ મોફીદ, ગૈબતે શેખ તુસી, કિફાયતુલ અસરે શેખ તુસી, ગૈબતે ફઝલે શાઝાન, કાફિયુ ીારા ઇબ્ને કૌલીયા, ઉકદુરર, એહતેજાજે શેખ તિબ્રસી કશ્ફુલ ગમ્મા ફી મઅરેફતુલ અઇમ્મા હકકુલ યકીન, અલ્લામા મજલિસી, ખવાસુલ ઉમ્મા નખોઇએ જવઝી વિગેરે–વિગેરે કિતાબોમાં જોઇને.

હું અહીં એની સાથે ઘણી હદીસો જે નબવીયા, અલવીયા, સાદકીયા, બાકરિયા, જઅફરિયા, કાઝમીયા, અને સજ્જાદિયા અ૦ છે. તે લખતો, પણ લંબાણ થઇ જવાના ભયથી લખતો નથી.

# હઝરતે યહયા અ૦ની શયતાન સાથે મુલાકાત.

શીઆહ તેમજ સુન્નીની બાઅઝે કીતાબોમાં છે કે હ૦ રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે ખુદાનો દુશમન ઇબ્લીસ (શયતાન) હ૦ આદમ અ૦ ના ઝમાનાથી હ૦ ઇસા અ૦ ના ઝમાના સુધી પયગમ્બરોની ખીદમતમાં આવતો હતો, તે સરવેમાં હ૦ યહયા અ૦ પાસે વધારે આવતો, અને તેઓ સાથે વધારે મોહબ્બત કરતો.

એક દીવસ હ૦ યહયા અ૦ પાસે આવ્યો જતી વખતે હઝરતે ફરમાવ્યું એ અબામુરરર"* મારી એક હાજત છે તે પુરી કર તેણે કહ્યું શું હાજત છે? જવાબ આપ્યો તું તારી અસલી સુરતમાં મને દેખાવ આપ, તેણે અરજ કરી કે યા હઝરત આપે મ્હોટી બાબત ચહી પણ આપ મારી પાસે ઘણા માનવંતા છો તેથી હું ઇનકાર કરી શકતો નથી પણ એટલી અરજ કબુલ કરો કે તમારા સીવાય બીજો કોઇ તે વખતે ન જુવે, એમ કહી એજ વખતે બીજી દીવસે આવવાનો વાયદો કર્યો.

બીજે દીવસે વાયદા મુજબ હઝરતના મકાનના બાંકોરામાંથી બાહેર નીકળ્યો તે વખતે તેની સુરત બહુજ ખરાબ અને બીહામણી હતી, સુવ્વર જેવું અંગ, વાંદરા જેવું મોઢું અને આંખો વીચીત્ર, દાંતનું એકજ હાડકુ, દાઢીના વાળ તેમજ દાઢી ઉગવાની જગ્યો નહતી, ચાર હાથ હતા, અને એક સુંઢ હતી, આંખો આંધળી હતી, પગ રાંટા અને વાંકા હતા, અને પાંખ હતી, અને પહેરાન હતું અને કમરબંધ બાંધેલો હતો, અને કેટલાક નાના ગુરઝ કમરે બાંધ્યા હતા, અને કમરની અતરાફ સફેત પીળા કાળા રાતા રંગ બે રંગના દોરા લટકતા હતા, હાથમાં કાંઇ ચીજ હતી, અને માથા ઉપર ખોદ હતું.

હઝરતે યહયા અ૦ પુછ્યું કે એ અબા મુરરહ આ કમરબંધ શું છે? તેણે કહ્યું આ મજુસીયત છે, તેઓ કમરમાં દોરો બાંધે છે, પુછ્યું આ ગુઝા શાના છે? કહ્યું તે સુન્નતની

* શયતાનનું નામ "હારીસ છે, કુનીયત "અબામુરરર" છે, ખુદાએ તેનું નામ "ઇબલીસ" રાખ્યું કેમકે તે હકતઆલાની રહમતથી મહરૂમ છે.

ખાહીશો છે, અને આ દોરા મ્હારા ફંદા અને જાળ છે, પહેલે હું મોઅમીનના દીલને સ્ત્રીયો થકી શીકાર કરૂછું એ છતાં મારા ફંદામાંથી છટકી જાય અને ખુદાનો ખૌફ કરે તો બીજો ફંદો હરામ માલનો ફેંકુ છું, એ ફંદામાં પણ ફસાય નહીં અને ખુદાનો ખૌફ ખાય તો પછી શરાબનો ફાસો પહેરાવું છું,

પછી આપે પુછ્યું કે આ જુદી જુદી જાતના રંગ શું છે? તો જવાબ આપ્યો કે આ સ્ત્રીયોના જામાના રંગ છે, તે થકી મરદોને ફરેબ આપુ છું, પુછ્યું તારા હાથમાં શું છે? કહ્યું રાગ રાગણી વાજાગાજા સીતાર તંબુરા તબલા દફ વી૦ રમતગમતનો સામાન છે, જ્યારે શરાબ પીના લોકો બેસે અને આ ચીજો વગાડે તે વખતે તેઓને બરાબર લજ્જત મળે નહીં તે વખતે આ ચીજને હું હલાવું છું તેથી તેઓને તાન ચડે છે અને તાળ્યુ વગાડે છે અને નાચવા પણ મંડે છે.

પછી આપે પુછ્યું તારી સુરત અવી બદ અને ખરાબ કેમ છે? તેણે કહ્યું યા નબીયલ્લાહ મારી સુરત તો મલાએકા જેવી હતી અને તમામ મલાએક કરતા ખુબસુરત હતો અને એક સીજદો કરવામાં ચારસો વરસ થતા હતા પણ ખુદાની નાફરમાની કરી અને આપના બાપ હઝરતે **આદમ** અ૦ને સીજદો કર્યો નહીં તેથી ખુદાએ મારી અવી ખરાબ સુરત બનાવી નાખી, આપે પુછ્યું અવી તારી સુરત કોઇ ઇનસાનને બતાવી છે? કહ્યું નહીં.

પછી પુછ્યું બે સવાલના જવાબ આપ, એક તો સામાન્ય છે, બીજો ખાસ છે, સામાન્યા એ છે કે તુ સર્વેથી વધારે કઇ ચીજને દોસ્ત રાખે છે? અને તને વધારે વ્હાલી અને પ્યારી છે, અને તારી કમર તે થકી મજબુત થાય છે? અને તારી આંખોનું નુર છે? તેણે અરજ કરી કે મને બીક લાગે છે કે વખતે આપ કોઇને કહો અને તેથી લોકો મારા ફરેબમાં આવવાથી અટકે અને મારો ફરેબ નકામો જાય, આપે ફરમાવ્યું અરે ખુદાએ પોતાની કીતાબમાં જાહેર કરેલ છે કે તું ઇનસાનનો દુશમન છો વી૦ તો નબીયોએ તારાથી દુરી પકડી છે, બાકી ગુમરાહો તો તારા તાબેદાર છે. તેણે કહ્યું **ઓરતો** છે તે મ્હારી આંખોનું નુર છે તેણીઓ મને ખુશ કરે છે તેણીયો થકી મારી પીઠ મજબુત થાય છે, કેમકે તેણીયો મ્હારી જાળ મ્હારો ફંદો મ્હારો ફરેબ છે તેણીયો થકી મ્હારી આશાઓ પુરી થાય છે, અગર તેણીયો નહતે તો હું કોઇ માણસને મ્હારા ફરેબમાં ફસાવી શકતે નહીં, મ્હોટા મ્હોટા આબીદો અને પરહેઝગારો જ્યારે મ્હારા ઉપર ગાલેબ થાય છે ત્યારે તેઓ સામે લડવા મ્હારા લશકરને મોકલું છું, પણ મ્હારૂં લશકર ભાગીને પાછું આવે છે હારી જાય છે તેથી મને ઘણો રંજ અને સદમો થાય છે અને મને બહુજ ગુસ્સો ચડે છે, પણ ઓરતોને જોઊંછું તે વખતે મ્હારો ગુસ્સો ઉતરી જાય છે ગમી દુર થાય છે અને દીલ ખુશ થાય છે, ઓરતો થકી મ્હારી ફતેહ થાય છે, અને જીત મેળવું છું, ઓરતોને મ્હારી સરદાર મ્હારી ખાતુન મ્હારી સરતાજ સમજુ છું, અગર તેણીઓ હ૦ આદમ અ૦ની ઓલાદમાંથી ન હતે તો તેણીયોને હું સીજદો કરતે, જે ઓરત મારાથી કાંઇ ચાહે તેના કામ માટે આંખોથી ચાલીને કામ કરી આપવા તૈયાર છું.

આપે પુછ્યું ઇનસાનને ગુમરાહ કરવામાં તને શું ફાયદો છે? તેણે કહ્યું ખુદાએ હલાલ અને હરામ, ખુશી અને ગમી, નેકી અને બદી પૈદા કરી અને મને તથા હ૦ આદમ અ૦ને ઇખતીયાર આપ્યો કે તમો તમારી મરજી પડે તે લીઓ, તે વખતે મેં ખુશી હરામ અને બદી લીધી, અને હ૦ આદમ અ૦મે હલાલ, ગમી, અને નેકી લીધી, તો હરામ અને ખુશી એટલે રમતગમત મોજમજાહ મ્હારી મીલકત

અને પુંજી છે તેમાં હ૦ આદમનો હક નથી અને હલાલ ગમી અને નેકી એટલે ઇબાદત વી૦ હ૦ આદમ અ૦ની પુંજી અને દોલત છે તેમાં મ્હારો હક નથી, તો હું તો હ૦ આદમે પસંદ કરેલી ચીજની પાસે જતો નથી અને હ૦ આદમની ઓલાદ મ્હારી પસંદ કરેલી ચીજ શામાટે લીએ છે? તેથી તેની સાથે દુશમની કરૂં છું, આપે ફરમાવ્યું તેમાં તને નારાજ થવાનું કારણ નથી ત્હારો મતલબ પુરો થાય છે, તેણે કહ્યું પણ તોબાનો દરવાજો ખુલ્લો છે કે તેઓ મ્હારી પૈરવી કરે પણ પાછા તોબા કરે ત્યારે તેઓ પાક થઇ જાય છે, યા હઝરત આપ શીવાય બીજા કોઇને આ વાત મેં કહી નથી.

પછી આપે બીજી વાત પુછી કે કોઇ વખતે મ્હારી ઉપર તુ ફાવ્યો છો? તેણે કહ્યું નહીં, પણ આપની એક વાત મને બહુજ પસંદ છે અને તેથીજ આપ મ્હારી પાસે માનવંત છો, આ સાંભળીને હઝરતે યહયા અ૦નો રંગ બદલાઇ ગયો અવયવો ધ્રુજય અને બેહોશ થઇ ગયા, જ્યારે હોશ આવ્યો ત્યારે પુછયું એ કઇ બાબત છે? શૈતાને કહ્યું તમો પેટ ભરીને ખાઓ છો તેથી રાતના સુસતીના સબબથી ઇબાદત માટે ઉઠતા નથી, આપે પુછયું તે શીવાય બીજુ કાંઈ છે? તેણે કહ્યું નહીં, આપે ફરમાવ્યું મેં ખુદા સાથે અહદ કર્યો કે જીવતો રહું ત્યાં સુધી પેટ ભરીને કદી નહીં ખાઉં.

આ સાંભળીને શૈતાન ગમગીન અને ગુસ્સે થયો અને બોલ્યો કે ઓ યહયા મને ફરેબ આપ્યો કે? મારી કમર તોડી નાખી હવે મેં પણ અહદ કર્યો કે આદમના ફરઝંદને કદી નસીહતની વાત નહીં કરૂં, પછી ગુસ્સામાંને પસતાવામાં ચાલતો થયો.

—○○○○○○—

# જુદી જુદી હદીસો.

હદીસ ૧૭૩૬ તફસીરે ઇમામે હસને અસકરી અ૦ માં છે કે હ૦ રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે મેઅરાજની રાત્રે મને બેહીસ્તના મકાનો બતાવ્યા તે મકાનો રૂપા અને સોનાની ઇંટથી બનેલા હતા, અને ચુનને બદલે અંબર અને કસ્તુરી તેમાં વાપરેલી હતી, કેટલાંક કંગુરા ઊંચા હતા કેટલાંક નીચા હતા, જીબરઇલને પુછયું તો જવાબ આપ્યો કે જેને કંગુરા નથી તે એ લોકો માટે છે કે જેઓ નમાઝ પડયા પછી આપ અને આપની આલ ઉપર દેરૂદ પડતા નથી. હ૦ ૧૭૩૭ મોઅતબર સનદ સાથે હઝરતે ઈમામે જાઅફરે સાદેકથી રીવાયત છે કે જ્યારે બંદો શુકરના સીજદામાં ત્રણ વખત "યાઅલ્લાહો" "યા રબ્બાહો" "યા સય્યદાહો" કહે તો ખુદાવંદે આલમ તેને જવાબમાં કહે છે. "લબ્બયક" એ મારા બંદા હ૦ ૧૭૩૮ હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે જેઓ ઉપર બલા આવેલ હોય એટલે કોઇ જાતનું દરદ વી૦ બલામાં ફસેલો હોય તેઓને જુવો તો તેઓ સાંભળે નહીં એવી રીતે ખુદાનો શુકર કરો કે ખુદાએ તમોને એથી બચાવ્યાછે અને તેઓ સાંભળે નહીં એવી રીતે એટલા માટે શુકર કરવો કે તેઓને રંજ થાય નહીં હ૦ ૧૭૩૯ હઝરતે ઇમામે હસને અસકરી અ૦થી મનકુલ છે કે કોઇ મોઅમીનનું ચોપગુ બેસી ગયું છે અને રસ્તામાં તે ફરયાદ કરે છે પણ કોઇ તેની મદદ કરતું નથી તે વખતે કોઇ તેની મદદ કરે અને તેના ચોપગાને ઉભો કરી તેને સ્વાર કરી આપે તેને ભાર બાધી આપે તો હકતઆલા તેને ફરમાવે કે એ મારા બંદા તેં તે મોઅમીન માટે સખતી ઉપાડી પોતાને મેહનતમાં નાખ્યો તેથી ત્હારા માટે તમામ

ઇનસાન કરતા વધરે ફીરીસ્તા મુકરરર કરૂં અને તે એટલાતો જોરાવર હોય કે આસમાન અને જમીન ઉપાડી લેવી તેઓ માટે આસાન હોય, તેઓ ત્હારા માટે બેહીશ્તમાં મકાનો અને મહેલો બનાવે અને દરજા બુલંદ કરે, અને જ્યારે બેહીશ્તમાં આવીશ ત્યારે બેહીશ્તના બાદશાહોમાંથી થઇશ.

પછી આપે ફરમાવ્યું કે જે કોઇ કોઇ **મઝલુમ** ઉપર **ઝાલીમ** ઝુલમ કરતો હોય એટલે તેના જાન અથવા માલનું નુકસાન કરવા ચાહતો હોય તો તેને કોઇ અટકાવે અને દફે કરે તો તેણે એ કામમાં જેટલા શબ્દ કહ્યા હોય તેના તમામ હરફ જેટલા, અને તે કામમાં હીલચાલ કરી તેની ગણત્રી જેટલા, અને જેટલીવાર લાગી તે દરેકની ગણત્રી મુજબ ખુદાએતઆલા લાખ લાખ ફીરીસ્તા પૈદા કરે અને તેઓ તે મોઅમીન ઉપર ગુમરાહી માટે હમલા કરતા શૈતાનોને દુર કરે, ઉપરાંત તે મઝલુમ ઉપર થતો દરેક નાનો ઝુલમ દુર કરવાના બદલામાં બેહીશ્તમાં લાખ ખીદમતગાર અને લાખ હુર અતા ફરમાવે અને તેને કહેવામાં આવે કે આ તમામ તેં મઝલુમની મદદ કરી તેના બદલામાં આપવામાં આવેલ છે. હ૦ ૧૭૪૦ હ૦ રસુલે ખુદાસ૦થી મનકુલ છે કે જે કોઇ ખુદા મોઅમીનની હુરમતને ઓળખે અને તેની તાઅઝીમ કરે તો ખુદા તે તાઅઝીમ કરનારને કયામતની બીકથી બચાવે, અને ફરમાવ્યું કે સફેત દાઢીવાળા મોઅમીનની તાઅઝીમ કરવી કે ખુદાની તાઅઝીમ કરવા સમાન છે અને ફરમાવ્યું કે બચ્ચાઓ ઉપર રહમ ન કરે અને બુઢ્ઢાઓની તાઅઝીમ ન કરે તે અમારામાંથી નથી. હ૦ ૧૭૪૧ હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦થી મનકુલ છે કે મશકરી કરવાથી આબરૂ બરબાદ થઇ જાય છે. હ૦ ૧૭૪૨ હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦થી મનકુલ છે કે જ્યારે કોઇ છીંક ખાય ત્યારે સાંભળનારે તેને કહેવું **"યરહૅમ કોમુલ્લાહુ"** અને છીંક ખાનારે જવાબમાં કહેવું **"યગફેરૂલ્લાહુ લકુમ વયરહમકુમ"** હ૦ ૧૭૪૩ હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦થી મનકુલ છે કે મોઅમીનને જોઈએ કે કીબલા તરફ થુંકે નહીં, અને ભુલથી તે તરફ થુંકે તો ઇસ્તીગફાર કરે. હ૦ ૧૭૪૪ લોકો વાત કરતા હોય તેમાં વચમાં વાત કરે તો એવું છે કે તેઓના મોઢા ઉપર વીખોડા ભર્યા, હ૦ ૧૭૪૫ હદીસે સહીહમાં હઝરતે ઇમામે મોહમ્મદે બાકેર અ૦થી મનકુલ છે કે ત્રણ બાબત એવી છે કે તે કરવાથી મરવાની પહેલા દુન્યામાં તેને સજા મળે છે. **૧ ઝુલ્મ, ૨-કતેરહમ, ૩-ખોટી કસમ,** અને ખોટી કસમ વી૦ એવી બાબત છે કે ઘણે ભાગે ઘરોને ઊજાડ કરે છે નસલ કાપી નાખે છે. હ૦ ૧૭૪૬ એક શખસે હઝરતે ઇમામે **રઝા અ૦**ની ખીદમતમાં **હુરસ**ની બીમારીની શીકાયત કરી આપે ફરમાવ્યું કે **યાસીન**નો સુરો મધથી લખીને ધોઇને પીઇજા, હ૦ ૧૭૪૭ હઝરતે ઇમામે હુસેન અ૦થી મનકુલ છે કે **મોર** કહે છે કે હું મ્હારા શણગાર ઉપર મગરૂર અને ખુશ થયો તેથી મ્હારા ઉપર મેં ઝુલ્મ કર્યો, માટે ખુદાવંદા મને બક્ષી આપ. હ૦ ૧૭૪૮ જે કોઇ ખોટી શાખશી આપે તેને મુનાફેકોના દરજામાં જહન્નમના છેલ્લા તબકામાં જીભ થકી ટાંગશે. હ૦ ૧૭૪૯ હઝરતે રસુલે ખુદાસ૦થી મનકુલ છે કે હ૦ ઇસા અ૦ એક શહર તરફથી નીકળ્યા તેઓના મેવામાં કીડા ઘણા હતા, તે વીશે એ લોકોએ શીકાયત કરી આપે ફરમાવ્યું કે તમો ઝાડ વાવો છો તે પહેલે માટી નાખીને પછી ઉપરથી પાણી રેડો છો તેથી કીડા થાય છે, માટે હવેથી ઝાડ વાવો તે વખતે પહેલે પાણી રેડીને તે પછી માટી નાખો, તે લોકોએ એ મુજબ કર્યું તેથી કીડા થતા બંધ થયા.

# હીદાયત ફંડની જાહોજલાલી.
## ૧૦૦ વરસનો બુઢો શીઆહ થયો.

સુબહાનલ્લાહ !!! હીદાયત ફંડના મદદગારો દેરૂદના નાઅરા બુલંદ કરો તકબીરની આવાજ અર્ષ સુધી પહોંચાડો ગયા અંકમાં જાહેર કરેલ કે કેટલાંક હીંદુ શીઆહ મુસલમાન થઇ નમાઝી પણ થયા, કેટલાંક ઇસ્લામી શીઆહ થયા, વી૦ વી૦ તે પછી સુજાવલ સીંધથી જનાબ મોલવી મોહમ્મદ ખાન મુરતુઝાઇ સાહેબ ઝમીદાર તા૦ ૭ રજબના કાગળમાં લખે છે કે હીદાયત ફંડ તરફથી જનાબ મોલવી હાફેઝ સાદેક હુસેન સાહેબને મોકલ્યા છે તેથી દીન અદીન દીન ઇસલામનો ઘણો વધારો થાય છે, જમાઅત અને જુમ્મા ઘણીજ શાન શવકતથી થાય છે, આપની વાએઝ સાંભળીને ઇસલામીઓ શીઆહ ઇસનાઅશરી થતા જાય છે, ખાસ કરીને જાણવાની બાબત એ છે કે એક ઇસલામી જેની ઊમ્મર આસરે સો વરસની છે તેનું નામ જાનમોહમ્મદ છે તેઓ એ જનાબની વાએઝ સાંભળીને શીઆહ ઇસનાઅશરી થયા એટલુંજ નહીં પણ એ સાહેબે સો વરસની ઊમ્મરમાં નમાઝ પડી નહતી તે નમાઝી પણ થયા, કેમ સાહેબો ઇંગ્રેજો ઇસાઇ મઝહબ ફેલાવા કરોડો રૂપીઆ ખરચ કરે છે અને એકાદ જણ ઇસાઇ થાય તો તેઓની ખુશહાલીનો પાર રહેતો નથી અને તેમાં કોશીશ કરનારને માન ઇકરામ કરવામાં ખામી રાખતા નથી, અને આપણા લોકોમાં એ વાતની કાંઇ કદર પણ નથી, ગયા અંકમાં એટલી મ્હોટી ખુશખબરી જાહેર થવા છતાં એક સાહેબનો પણ મુબારકીનો એક પૈશાનો કારડ પણ આવ્યો નહીં, ખૈર અહીંની મુબારકી શું કરવી છે પંજતને પાક અ૦ મુબારકી આપશે તેજ જરૂરની છે.

કુકડ, પાલીતાણા, કછ માંડવી, મીરપુર બટોરા સીંધ, મીરવાહ ગોરછાની બલોચીસ્તાન, વીરમગામ, ધોળકા, રાજુલા, અમરેલી; વીજપડી, કોડીનાર, એ સર્વે ગામના મદરેસા ચાલુ છે, દરેક ગામનો રીપોર્ટ આવે છે જગ્યાની તંગીથી તેમજ ખાસ જાણવા જેવી નવી બીના ન હોવાથી છાપતા નથી.

તળાજાનો મદરેસો ત્યાં વાળાઓએ બંધ કર્યો છે, અને નંદશહરમાં બે બાળક પડનાર હોવાથી મદદ બંધ કરીછે, ખુટવડા માટે બીજા માણસની તજવીજમાં છીએ, ખંભાતમાં મજલીસ દીન પરદીન જામતી જાય છે મદદ ચાલુ છે.

## હીદાયત ફંડ તરફથી ઇનામ.

આગળ અમોએ જાહેર કરેલ કે કલમો કલમીના માઇના ઊસુલેદીન ફુરૂએદીન નમાઝ વી૦ જે બચ્ચા યાદ કરીને કોઇને સંભળાવી બે જણની સાક્ષી કરાવીને લખી મોકલશે તે દરેકને એક રૂપીઓ ઇનામ આપીશું, તે હીંદુસ્તાનના **શીઆહ** તથા **ઇસ્નાઅશરી** બે પેપર અને આ **રાહેનજાત** મળી ત્રણે પેપરમાં પચાસ પચાસ રૂપીયા સુધીના ઇનામ છાપેલા તેથી રાહેનજાત તથા ઇસ્નાઅશરીની જાહેર ખબરથી જે બચ્ચાઓના નામ આવ્યા તેઓને ઇનામ મોકલીને અમોએ છાપેલ છે,

હવે શીઆહ પેપરની જાહેર ખબરથી છોકરા તથા છોકરીઓ મળીને ૫૩ નામ આવ્યા તે સરવેને નીચે મુજબ મનીઆડર કરીને મોકલી આપ્યા છે.

| | |
|---|---|
| ૧૪–શીકારપુર | ૧૩–લખનઊ |
| ૭–ફૈઝાબાદ | ૬–આગરા. |
| ૪–ભવનરા | ૩–બાઝારબધી |
| ૨–બાટાલા | ૨–છપરા. |
| ૨ પટના. | |

શીકારપુર વી૦થી કાગળ આવ્યા છે કે દાનામોનું છાપવાથી મસાએલ યાદ કરવાની ચરચા સારી ફેલાણી છે અને બીજા બચ્ચા-ઓને યાદ કરવાનો શોખ થયો છે વી૦ વી૦

## હીદાયત ફંડમાં આવેલા નાણાની પહોંચ.

૩ શેઠ જાફરભાઇ અલ્લુભાઈ જંગબાર.
૨ શેઠ બંદેઅલીભાઇ મોહમદ ફાજલ કરાંચી.
૧૦ શેઠ ફાજલભાઈ અલીદીનાભાઇ તેઓનો ફરજંદ મોહમ્મદઅલી ખુદાની રહમતે પહોંચ્યો તેની રૂહના સવાબ માટે કલકતા
૫ શેઠ જાનમોહમ્મદભાઇ દાતુભાઇ મોરીસ.
૫ શેઠ હાજી આલીભાઇ પીરાભાઇ માનતા માની હતી ધંગાની
૫ શેઠ અલારખ્યાભાઇ દેવજી મોરીસ.
૧૦ શેઠ ફાજલભાઇ હાશમ મગદીશા.
૧૦ શેઠ હસનભાઇ ભાણજી ”
૧૦ શેઠ હાજી રેમતલાભાઈ કાસમ ”
૧૦ શેઠ જાફરભાઈ ગાંગજી ”
૫ શેઠ અબદલાભાઇ હાશમ ”
૫ શેઠ હાજીભાઇ થાવર ”
૫ શેઠ પરધાનભાઇ દેવજી ”
૨૧ શેઠ વલ્લીભાઇ પારપીયા ”

૭)= શેઠ રેમતલાભાઇ મોહમ્મદ પટેલમુંદરાવાળા પોતાની શાદીની ખુશહાલી માટે મગદીશા.
પા શેઠ જાદવજીભાઇ લાલજી નાંદુરી
૦॥= બંદેખુદા ટુલીયાર
૧૪॥ શેઠ અલીભાઇ ઝીણુભાઇ ટુલીયારવાળા પોતાનું સગપણ શેઠ અહમદભાઇ જીવાભાઇની દીકરી સકીનાના બાઇ વેરે થીઉ તેની ખુશહાલીમાં પચીસ પરાંક તેના રૂ ૧૪॥
૮॥ શેઠ સલેમાનભાઇ પ્રેમજીભાઇ જીવાપરા જામનગરવાળામઃહુવાતાનાથી પોતાની માતાજી મરહુમા બાઇ આની રૂહના સવાબ માટે.

ખુદાએ તઆલા એ સર્વેને જઝાએ ખૈર અતા ફરમાવે કે અવા અઝીમ સવાબના કામમાં પોતાનું નાણું વાપરી પોતાની સામે (ઉપર લખ્યા મુજબ) ઉમદા અને મીઠા ફળ મેળવે છે.

## કારેખૈરના નાણાની પહોંચ.

ગયા અંકમાં છાપેલું કે કારેખૈરના નાણાની રૂ ૧૦૦ની હુંડી મુંબઇથી મંગાવીને તા૦ ૬ઠી અગસ્ટના કરબલા મોકલીશું તે તેજ તારીખે મોકલી છે.

૪ શેઠ જીવાભાઇ હાજી કરીમભાઇ હીંગનઘટ ચાર રૂપીઆનો દુઓ લઇ ગરીબ મોમીમોને વેંહચવા લખ્યું તે અતરે બની નહીં શકવાથી ખંભાત જનાબ મોલવી અબ્દુલખાલેક સાહેબને મોકલ્યા, તેઓએ અમલ કર્યો છે.
૨૦૦ શેઠ હાજી વલી મોહમ્મદભાઇ થાવરભાઇ આપે કોઇની વતી બસો રૂપીઆની હુંડી મોકલી તે ખંભાત વી૦ મોકલવાના છે પણ તેનો ચોખો ખુલાસો

આવ્યો નથી તેથી અમોએ મોકલ્યા નથી ઇ૦ જવાબ આવ્યા મુજબ અમલકીશું.

૨૫ બંદેખુદા પીરાણાના ગરીબ સઇયદને માનતાના આપવા આપી ગયા તે શેઠ રાજે-મોહમદભાઇ ખુશાલભાઇ મારફત મોકલી આપ્યા.

૨ શેઠ ઝીણાભાઇ જીવાભાઇ ટુલીયાર ગરીબોને આપવાના.

૧૧ શેઠ હાજી નુરમોહમદભાઇ દેવજીભાઇ વરોરા સદકાનો.

૮ શેઠ હસનઅલી તથા જીવાભાઇની કું: હીંગનઘાટ સદકાના

૧૪૫ શેઠ નુરમોહમદભાઇ ઘેલાભાઇ ફોરટફાઇન હવે પછી ઇ૦ કરબલા મોકલીશું.

૫૦ શેઠ હબીબભાઇ હાશમની કું: મુકેડી ઇ૦ કરબલા મોકલીશું.

મુંબઇના અમારા એજંટ શેઠ હાજી મોલેદીનાભાઈ અલારખ્યાભાઇ કરાંચી ગયા છે તે આવેથી ઇ૦ કરબલાની હુંડી મંગાવીને મોકલીશું. બાકી સદકા વી૦ના કેટલાંક વાપર્યા બાકી વાપરીશું, ખુદા સરવને જઝાએ ખૈર આપે.

મી૦ ગુલામઅલીભાઇ દેવજીભાઇ મુઆ નજા આપે આપની ઘરવાળીના જુના કપડાનું પારસલ મોકલ્યું તે અત્રે ગરીબોને વેંહચી આપ્યા, [illegible] જુજ સુતરાઊ બાકી છે તે હવે પછી [illegible] આપીશું.

---

## [illegible]રકીઓ.

અમારા ભાઇબંદ જંગબાર સમાચારના એડીટર સાહેબ ઉપરના કેસ નીકળી ગયા તે વાંચી અમો ઘણા ખુશી થીઆ અને હવે પછી તમામ આફતો અને બલાથી ખુદા બચાવે એવી દોઆ માગીએ છીએ.

ભાઇબંધ પોલીટીકલ ભોમીયાના એડીટર સાહેબે છઠ્ઠી ચોપડીના ૫૬ માં પાઠ વીશે જે બાબત ઉપાડી અને તેમાં ફતેહમંદ થયા તેથી ઇસલામી બીરાદરો તરફથી દાબવત ઇનામ અને માન આપવામાં આવે છે તે બા[illegible]. અમો મુબારકી આપવા ઉપરાંત હમેશા એવા ખુબી ભરેલા કામોમાં ફતેહમંદ થવા દોઆ માગીએ છીએ; અને ઇસલામી કદરદાન બીરાદરોને મરહબા કહીએ છીએ કે પોતાના હમ મઝહબે બજાવેલી ઇસલામી સેવાની કદર કરી આઇંદે એવા કામો કરવાનું ઉત્તેજન આપેછે.

## પહોંચ.

જંગબારથી જંગબાર સમાચારના માલીક તરફથી પ્રગટ થીએલું ઈસ્નાઅશારી માસીક તેના પહેલે ત્રણ અંકો મળી । અમોને મળતુ નહતુ તેથી સમજ્યા કે શાયદ બંધ થયુંહશે પણ લાંબી મુદતે હાલમાં એ માસીકનો ૮-૯-૧૦-૧૧ મો મળી ચાર અંક એક જમામાં સાથે મળ્યા તેથી સમજાયછે કે એ માસીક ચાલુ છે પણ વચલ ૪ થી ૭ સુધી ના અંકો અમોને મળ્યા નથી.

એ માસીકમાં વાંચવા લાયક તેમજ નસીહત કારક ઘણી સારી અને અસરકારક બાબતો આવે છે ઊમ્મેદ છે કે એથી પણ સારા વીષયો ચાલું રાખશે તેથી લોકોને વધારે પસંદ પડશે અને ગ્રહકો વધશે.

અખબારે ઇસલામ, પોલીટીકલ ભોમીયો, ઇસલામ ગેઝેટ, ભાઇબંધ, હીદાયતુલ આલમ, મેમણ મીત્ર, વી૦ મળ્યા કરે છે દરેકની ચડતી ચાહીએ છીએ.

## ખુશ ખબરી (૧).

બાજુંગાથી તા૦ ૧૬-૭-૭ ના કાગજમાં નીચે સહી કરનારા લખે છે કે અમો સર્વે જાહેર કરીએ છીએ કે અમો શીઆહ ઇસ્ના-

ઇલ્મ રોશની ફ્રી લાઇબ્રેરી
હાજીભાઈ આમદભાઈ
આલીયા (



અશરી અસલી મઝહબ પાળીએ છીએ.
ખોજા હરજી રાજન પુંજાણી લાલપરવાળા.
ખોજા જીવણ ઊ.ફે ગુલામઅલી પ્રેમજી આ રીખાણ ( જામનગર ) વાળા.
ખોજા ધનજીજીવા કઅરા.
ખોજા અલીભાઇ ઝીણા.

## ખુશ ખબરી. (૨)

### દારૂસલામની મસજીદને ખુલી મુકવાની ક્રીયા.

લખવાને ઘણીજ ખુશી ઉપજેછે કે અતરે દાર સલામની મસજીદનો પાયો ઘણા લાંબા વખત થયા પડેલે જેની કે ટુંક ઈશારા ત રીકેની જાહેર ખબર હીજરી સન ૧૩૧૪ ના રાહેનજાત કીતાબ ચોથીના પંચમા હીસ્સાના છેલા પુઠાપર લખેલ છે. તે દરમીયાન કેટલીક અડચણો સબબ વખતો વખત કામ બંધ પડી જતું હતું. પરંતુ તે વીશેની લાગણી મરહુમ હાજી સચેદીના પીરાણી તથાહાજી નાસરભાઇ સાવજી વી૦ ને ઘણીં હોવાથી એ સાહેબોએ પોતાની બનતી કોશીશ જારી રાખતા આજે તે મસજીદ ખુદાના ફઝલો કરમથી એક આલીશાન જન્નત મીસાલ બની તૈયાર થઇ છે અને તેને ખુલી મુકવાની ક્રીયા પ્રસંગે મોમ્બાસા, કીલવા; લીન્ડી, મીકીન્દાની વી૦ ના મોઅમેનોંને તાર કરી તેડાવેલ પણ તેઓ સાહેબોને કોઇ દસ્ટીમરનો જોગ તરત વખત નહી મળવાથી હાજર થઇ શકયા નહોતા

મસજીદને ખુલી મુકવાની સુભ ક્રીયા તા: ૬ ઠી જમાદીયુલ આખર સને ૧૩૨૫ હીજરીના દીવસે મોટી ધામધુમની મજલીસ સાથે કરવામાં આવી હતી. તે વખતે અતરેના તથા ભાગા મોયા, તથા જંગબારના આપણા શીઆ ઇસ્નાઅશરી ભાઇયો તથા અતરેના વોહરા જમાઅતના આગેવાનો અને સુન્નત જમાઅતના આરબ લોકો વી૦ હાજર થયાહતા

**પહેલે અતરેના મુલ્લા અલીહુસેન બીન મુનશી સાઅસુમ અલી સાહેબ મહુવાવાળા હ૦ અલી અ૦ ના** ફજાએલ વીગેરે ઉરદુ શીરીન જબાનમા પડી મસજીદને ખુલી મુકવાની ખુશહાલીનો કસીદો ( જે કે તેમના વાલીદ જનાબ મુનશીમાઅસુમઅલી સાહેબે મહુવેથી તસનીફ કરી મોકલાવેલ તે ) પડયા હતા ( જે કે જગ્યાની તંગીને લીધે અતરે દખલ કરી શકયા નથી) તે સાંભળી સરવે માણસો ઘણા ખુશી થયા હતા, તે બાદ શ્રી જંગબારના મુલ્લા સાહેબ **અબદલ્લાભાઇ સાલેહ** દુન્યાની મજમ્મત તથા કારેખેરમાં મદદ કરવાના સવાબ વીગેરેની ઘણીજ અસરકારક વાએજ કચ્છી જબાનમા પડી મસજીદની ચાવી ( કુંચી ) જનાબ **આગાકોચકશાહ** સાહેબ બીન આગાજલાલશાહ સાહેબને આપી આપના હાથ મુબારકથી મશજીદ ખોલવામાં આવી.

આગાકોચકશાહ સાહેબ તથા જંગબારની જમાઅતના આગેવાન સાહેબો આશરે વીશ જણ અતરે છ દીવશ સુધી રહી મશજીદને ખુલી મુકવાની ક્રીયા કરી તા૦ ૨૦ મી જુલાઇના અતરેથી જંગબાર તરફ રવાના થઇ ગયા છે.

મશજીદની ક્રીયા થઇ રહયા બાદ તેજ વખત આવેલા તમામ લોકોને એક ઉમદા ખાણું આપી વીદાય કરયાહતા અને જંગબાર વી૦ના મેહમાનોને બે દીવસ રોકી રાતરે ઇમામવાડામા મોટી નજર નીયાજ સાથે મજલીસો કરી હતી. જેમાંકે મજલીસ ખલાસ થયા બાદ અતરેની મસજીદ તથા ઇમામવાડા વીગેરેના ખરચ માટે એક ફંડ કરવા **વીશેની વાત ચરચાણી** હતી. જે પરથી નામદાર. હાજી નાસરભાઇ વીરજી ભાગામોયા વાલાએ તરત ફાળો શરૂ કર્યો હતો. અને ( .મા કેટલીક

રકમ ભરાણી છે. પરંતુ તે વખતે કેટલાંક સાહેબો ગેરહાજર હોવા સબબ હાલ તુરત બંધ રહ્યું પણ તેનો ખરડો જારી છે ને ઉમેદ છે કે તે કામ પણ બીરાદરોની કોશીશથી જલદી સરંજામે પહોંચી જશે. તેનો વીગતવાર અહવાલ અમો હવે પ્રસિદ્ધ કરીશું

ખુદાના હજારો બલકે લાખો શુકર કે આવી આલીશાન **મસજીદ દારૂસ્સલામમા** કાયમ થઇ કે જે જોઇ તમામ લોકો ઘણુંજ ખુશી થયા છે ટુંકમા એટલુંજ કે આવી મસજીદ આફ્રીકામા બીજે ઠેકાણે શાયદ ભાગ્યેજ હશે

ખુદાવદે કરીમ બહકે મોહમ્મદીન વઆલે મોહમ્મદ તમામ બાનીયાને મસજીદ કે જેઓએ મસજીદની અંદર પૈસાથી યા પોતાના બદનથી, યા જબાનથી, મદદ કરી હોય તેઓને દીન અને દુન્યામા જઝાએખૈર અતા કરે અને એવાજ નેક કામો કરવાની તોફીક જીયાદા કરે આમીન **દારૂસ્સલામ તા. ૨૧ જુલાઇ ૧૯૦૭**

**લી૦ સેવક કાસમઅલી હાજી બદ્રાદુર અલીના સરવે મોઅમીનોને સલામ.**

## ખુશ ખબરી. (૩)

**લાલપુરમાં** આપણા ખોજા શીઆહ **ઇસનાઅશરી** જમાતમાં ઘણોજ સારો વખાણવા **લાયક** સંપ છે, અને નમાઝ વીગેરે ઘણા જણ પાબંદ છે, જમાતની નમાઝ વાએઝ મસાએલ વીગેરે સારી રીતે થાય છે, મદરેસો ચાલે છે, અને વખાણવા લાયક અને વધારે પસંદ કરવા જેવી એ બાબત છે કે ત્યાં વાળા મોલવી સાહેબ છોકરાઓને પડાવે છે અને તેઓની બીબી છોકરીઓને પડાવે છે.

હાલમાં અમો નીચે સહી કરનારાઓએ કે બાતીનમાં શીઆહ ઇસનાઅશરી હતા પણ હાલ જાહેરમાં પણ એજ મઝહબ ઇખ્તીયાર કર્યો છે.

ખોજા પીરભાઇ ધરમશી ભારૂવાણી.

ખોજા કાસુમામદ ભારૂવાણી.

ખોજા લાલજી મોહમદ ભારૂવાણી.

**લી૦ પીરભાઇ ધરમશીના સલામ.**

## ખુશ ખબરી (૪).

મુંબાસામાં શેઠ હાજી નાસરભાઇ વીરજી ભાઇબાગ મોયાવાળાએ મદરેસો બંધાવી આપ્યો તે ખાસ ખોજા શીઆહ ઇસનાઅશરીઓના બાળકો માટે છે અને તે તા૦ ૭ અથવા ૮ મી જુલાઇના ખુલ્લો મુકવાનો હતો તેમજ તે ટાંકણે સારો મેલાવડો કરીને મજકુર શેઠ તરફથી બચ્ચાઓને ઇનામ અને જમાતને ઊંચી જાતનું જમણ આપવાનો ઠેરાવ થયો હતો, તે અલહમ્દો લિલ્લાહ તમામ બાબત સારી રીતે પસાર થઇ હશે.

## ખુશખબરી. ( ૫ )

**પાંગાનીમાં** બચ્ચાઓને ઇલમેદીનની તાલીમ આપવા માટે મદરેસો ચાલુ થયો છે, મહુવાવાળા મુનશી જનાબ માઅસુમઅલી સાહેબ બહારે મજાલીસના અધીપતીના ફરજંદ મુનશી ફીદાહુસેન સાહેબને રૂ ૫૦ નો મહીનો કરીને રાખ્યા છે, છોકરા તથા છોકરીઓ મળી ૪૦ બચ્ચા લાભ લીએ છે મદરેસાની દેખરેખ શેઠ હાજી અલીભાઇ પીરાભાઇ તથા શેઠ હાજી હાશમભાઇ ધાલાને અને દર મહીને ઇમતેહાન લેવાનું શેઠ નાનજીભાઇ કરીમ તથા મોઅલ્લીમ લધાભાઇ ભાણજીને જમાતે સોંપેલ છે.

## વકફ.

મુંબાસાવાળા શેઠ મોહમ્મદ હુસેનભાઇ હાજી જાફરભાઇ હાજી દેવજીએ પોતાના મરહુમ દાદા શેઠ હાજી દેવજીભાઇ જમાલ તથા મરહુમ કાકા શેઠ પીરભાઇ હાજી દેવજીભાઇની રૂહ માટે હવે આવતી નવા સાલથી રાહેનજાત અને નુરેઇમાનની બબે નકલો વકફ કરી છે માટે

ઈલ્મ રોશની છે.
લાઈબ્રેરી



ગરીબ મોઅમીને પોસ્ટ કારડ લખીને નામ નોંધાવવા અમો મુનાસબ સમજી ચોપાન્યા મોકલીશું, ખુદાએ તઆલા મરહુમોને સવાબે અઝીમ અતા ફરમાવે.

## ખુલાસો.

તુરૈઇમાનના ગયા હીસ્સામાં ૪ પેજ ભુલથી ઓછા આપેલા તેથી આ વખતે ૪ પેજ વધારે આપી પુરા કર્યા છે.

રાહેનજાતના આ અંકના સાંકળીયામાં વધારો ૫૭ થી ૬૦ લખેલછે, પણ એટલામાં સમાસ ન થવાથી બીજા ૪ પેજ વધારી ૬૪ સુધી વધારો કરેલ છે.

કોઇ કોઇ સાહેબો જુની ઉખાડી લીધેલી કોરી ટીકીટો મોકલે છે પણ તેને ડાગ લાગેલા હોવાથી તેમજ સેજ કીનાર ફાટેલી હોવાથી પોસ્ટ વાળાઓને શક પડે તેથી એવી ટીકીટો અમો રદ્દી ગણી વાપરતા નથી માટે મેહરબાની કરીને કોઇએ એવી ટીકટો મોકલવી નહીં.

રફીકના ચોથા અંકમાં લખ્યું છે કે કુકડના મદરેસાનો ખરચ બાહેર દેસાવરો ખાતેથી ચાલુ છે, પણ એ બાબત તેઓએ અટકળે લખી હશે કેમકે કુકડના મુલ્લા સાહેબનો પુરો પગાર માસીક વીસ રૂપીઆ અત્રે અમદાવાદથી અમો હોદાયત ફંડમાંથી મોકલીએ છીએ,

દર વખતે કીતાબો તથા કાગળોના જવાબ તરત રવાના કરીએ છીએ અને હાલ પણ એજ રીવાજ જારી છે, પણ ખાસ અમારે લખવાના જવાબો ઘરમાં બચ્ચાઓ વી૰ બીમાર હોવા વી૰ કારણથી તરત લખવામાં આવ્યા નથી તેથી માફી ચાહીએ છીએ.

## ફરીથી છપાએલી કીતાબો.

દુર્રેનેબહા તમીમઅનસારી આદાબે મુજા૰ મેઅત; એસરવે ખલાસ થવાથી ફરીને છપાતી છે.

## ખલાસ થીએલી કીતાબો.

મેઅરાજુસ્સઆદાહ, સઝાએ ગુનાહ, હદીકએ શહાદત, તોહફતુસ્સાએમીન હનફી, રબાઇયાત, ગુલઝારે કરબલા પેહલો ભાગ

## નવી તથા ફરીથી છપાય છે.

બારે મહીનાના અઅમાલની કીતાબ ઝાદુસ્સાલેહીન ચાળીસ મજલીસની કીતાબ હદીકએ શહાદત ખલાસ થવાથી તે સીવાય બીજી મજલીસોની પચાસ મજલીસની કીતાબ નામે બહરૂલ મસાએબ, મેઅરાજ નામા છપાય છે.

## રાહેનજાત.

આ રાહેનજાત વીશે જાહેર કરવાની રજા લેવામાં આવે છે કે ગુજરાતીમાં ઇસલામી માસીક આ પહેલુંજ છે, અને હાલમાં હસ્તી ધરાવતા ઇસલામી માસીકો કરતા પેજના પરમાણમાં આનું લવાજમ ઓછું છે, એટલુંજ નહી પણ મહુજર ગરીબોને અરધી કીંમતે કેટલાંક અશક્તોને ફકત પોસ્ટેજ લઇને મોકલવામાં આવે છે, તેમજ કીતાબો માટે પણ છે તો એ ઉપર ધ્યાન આપી ઉત્તેજન આપો.

## જુના ચોપાન્યા

રાહેનજાતના પહેલા વરસથી પંદરમા વરસ સુધી અથવા જ્યાં સુધી હોય ત્યાં સુધીના જો પુરેપુરા સારી હાલતમાં હોય અને તે ઓછી કીંમતમાં વેચવા મરજી હોય તો અમોને કાગળ લખીને બંદોબસ્ત કરે એટલે મંગાવીલેશું.

## જાહેર અરજ.

બીજાની કીતાબો વી૰ અમારી મારફતથી મંગાવાથી અમોને કેટલીક તકલીફ ઉપરાંત નુકસાની ખમવી પડે છે માટે એ જહાત

નઆપવા અરજ કરીએ છીએ.

## ખાસ અરજ.

કેટલાંક સાહેબો કાંઇ મસઅલા પુછાવે છે, કેટલાંક મેલાવડા વી૦ની બાબતો છાપવા લખે છે, પણ અમોએ ચોપન્યું જારી કર્યું ત્યારથી ખાસ અમુક અમુક બાબતનો નીયમ રાખ્યો છે કે તે છાપવી નહીં, તેથીજ ખુદાની મેહરબાનીથી અને પંજતને પાક અ૦ના સદકાથી આ માસીક પંદર વરસથી ટકી રહ્યું છે, જો એ નીયમ ન રાખતે તો કયારનું આ માસીક બંધ પડી ગયું હોત અને આફતો આવી હોત તે જુદીજ, માટે જે લખાણ અમો કાપકુપ કરીને છાપીએ અથવા જે સવાલના જવાબ ન છાપીએ તેથી નારાજ થવું નહીં.

આ અંકમાં એક લખાણમાંથી અમારા નીયમને તોડનારી બાબત કાપીને બીજી છાપી છે, જો કે તે સાહેબે લખેલ કે કાંઇ પણ ઓછું કરવું નહીં.

## મુંબઈ ખોજા શીઆહ ઇસ્ના-અશરી હીદાયતફંડ.

એ હીદાયતફંડ ખાસ હીદાયત માટે ઉઘાડવામાં આવ્યું તેમાં બીરાદરો શાદી ગમીને ટાંકણે રકમો ભરીને સવાબ હાંસીલ કરે છે.

એ ફંડના સેક્રેટરી શેઠ અલીદીનાભાઇ લાડક દામજી છે, ઠે૦ મુંબઇ પાલાગલી.

એ ફંડમાં જેઓને કાંઇ રકમ મોકલવી હોય તો મજકુર સેક્રેટરી સાહેબને મોકલી આપવી અને કોઇ ઠેકાણે કાંઇ મદદની જરૂરત હોય તો પણ લખી મોકલવું.

## અનવારૂલ બયાન ફી તફસીરિલ કુંરઆન.

મ્હાટમ્હોટી અમુલ્ય કીતાબ કુંરઆને શરીફ કે જે આપણા માલીકો મુખ્તારનું ફરમાન છે, તે અરબીમાં હોવાથી લોકો તેના અર્થ અને ખુલાસા જાણવાના ફૈઝથી મહરૂમ હતા તેથી આલીમોએ ફારસી ઉરદુમાં તરજુમો અને તફસીર કરી, હવે આપણી કોમમાં ઘણે ભાગે ગુજરાતી ઇંગ્રેજીનો અભ્યાસ હોવાથી એ પાક કલામે શરીફના મતલબ સમજવાથી ઘણા જણ મહરૂમ હોવાથી ખુદા ઉપર તવક્કલ કરી અમોએ અહલેબૈતે અતહાર અ૦ ના સદકાથી આ કામ માથે ઉપાડી અસલ અરબી કુરઆન તેની પાઇબ તેજ ગુજરાતી અક્ષરોમાં આયતો તેની નીચે તરજુમો પછી તેની તફસીર અને મવકે મવકે તાવીલ અને અહલેબયતે અતહાર અ૦ના ફઝાએલ વી૦ કેટલીક તફસીરોમાંથી ઇન્તેખાબ કરી છપાવી છે અને તેને ચાહનાર મોમીનોએ અહલેબયતે અતહારને પહોંચી તેઓના ઘરોને મુબારક આંખોને નુરાની અને દીલને રવશન કર્યા, અને હ૦ બીજા બીરાદરો પણ હાથોહાથ લેશે.

આ તફસીરમાં મોટાં ૨૬૦૦ પેજ છે કે જે રોયલ ૮ પેજી ૫૨૦૦ પેજ થયાં તેના દસ દસ સીપારાના ૩ ભાગ છે. પાકા પુંઠા સાથે પોસ્ટેજ રજીસ્ટર સુદ્ધાં પહેલા ભાગના રૂ ૧૨) તે પછીના દરેક ભાગના રૂ ૧૦) ત્રણે ભાગના રૂ ૩૦ આફ્રીકા વી૦ માટે પાંચ ભાગ કર્યા છે પોસ્ટેજના તથા બે પુઠાના રૂ ૪) વધારે કુલ રૂ ૩૪) તથા હીંદુસ્તાનના પાંચ ભાગના રૂ ૩૨)

### ખાસ ઇસલામી મરદો માટેજ.

## આદાબે મુઆશેઅત નામની કીતાબ તૈયાર છે.

મજકુર કીતાબ આશરે સાત વરસ થયાં અમોએ બીરાદરોની તાકીદ ભરેલી ફરમાઇશથી છપાવી હતી, અને તેની તમામ નકલો ખલાસ થઇ ગઇ અને માગણી ચાલુ હતી, પણ કેટલાંક કારણથી અમો છપાવતા નહતા, બલકે લીસ્ટમાં પણ છાપ્યું કે હવે છાપવી નથી, પણ હાલ કેટલાંક કારણથી એ કીતાબ તૈયાર કરી બાહેર પાડી છે.

એ કીતાબમાં જે વીષય છે તે જાણનારા જાણે છે, પણ બીજાઓને જાહેર કરવામાં આવે છે કે તેમાં મોઅતબર કીતાબોથી ઝીનાની મઝીમ્મત અને નુકસાન નીકાહનો સવાબ અને ફાયદા, અને ખાસ કામના આદાબ, જેમકે તારીખ, વાર વખત, મવકો, ફાયદા, નુકશાન, સુન્નત, મકરૂહ, હરામ વાજીબ, વી૦ વી૦ **૯૦ આદાબ** લખ્યા છે કે તેથી દીન અને દુન્યાના ઘણા નુકશાનથી બચાય છે. અને ઘણા ફાયદા મેળવાય છે, કીંમત ફકત પોસ્ટેજ સુધા અઢી આના.

## ગુલઝારે કરબલા ભાગ બીજો.

ગુલઝારે કરબલાનો પહેલો ભાગ જેમાં ત્રણ હીસ્સા હતા તે ખલાસ થયો, અને બીજો ભાગ જેમાં ચોથો અને પાંચમો હીસ્સો છે તે તૈયાર થયો, તેની અંદર ઇમામે હુસેન અ૦ ની શહાદત પછીનો કરબલાથી કુફા શામ અને મદીને પહોંચવાનો અને તે પછી મુખતાર તથા બીજા મોઅમીનોએ ઇમામે હુસેન અ૦ ના ખુનનો બદલો લીધો અને ઝાલીમોને પકડીને ખુબ સજા કરી આ હાલ ઉરદુ ભાષા અને ગુજરાતી હરફમાં છે, જે નુરે-ઈમાનમાં દર વખતે અપાતો તેની જુદી કીતાબ બંધાવી છે કીંમત રૂ ૧॥ પોસ્ટેજ ૦)= આફ્રીકાનું રૂ. ૦। રાહેનજાતના ગ્રાહકનો રૂ. ૦॥ ઓછો.

## હૈદર ચરિત્ર તથા હૈદરવાણ.

તેમાં હ૦ અલી અ૦ ની વીલાદતથી શહાદત સુધીનો કેટલોક જાણવા જેવો અહવાલ ઉપરાંત હઝરતે ફરમાવેલી ૨૩૫ નસીહતો સમાએલી છે કીંમત ૦।- પોસ્ટેજ ૦)૦॥ આફ્રીકા એક આનો, સોનેરી નામવાળી પાકા પુઠાના ત્રણ આના વધારે.

## તાલીમુન્નીસા ભાગ ૫-૬ ઠો.

તેમાં બે શોકોની કહાણી અને ઘરનું કામકાજ કારભાર રીતભત, ઘરનો સુધારો નોકરો ચાકરોને કેવી રીતે રાખવા, ઘરનો ખરચ કેમ ચલાવવો છેલ્લે ખુદાને ઓળખવાની દલીલો ઉસુલેદીન ફુરૂએદીન વી૦ વી૦ કીંમત રૂ ૦। પોસ્ટેજ ૦)૦॥ આનો આફ્રીકા ૦)—

૭ ભાગ ત્રણ કીતાબનો રૂ૦॥। પોસ્ટેજ ૦)- આફ્રીકાનો ૦)-॥

# ઊરદુ કીતાબો.

## નહરૂલ મસાએબ.

બહરૂલ ગુમ્મા જેવી, નહરૂલ મસાએબ ઘણીજ મ્હોટી પાંચ ભાગમાં છપાણી છે, તેમાં ૧૦૯૨ એક હજારને બાણું મોટાં પેજ છે. તેમાં દરેક ભાગમાં ઉમદા ઊમદા જુદી જુદી કુલ ૨૬૫ મજલીસો છે

અક્ષર સારા અને મોટા છે, પાંચે ભાગ સાથે છે, કીંમત રૂ ૪ાા

હીંદુસ્તાનનું પોસ્ટેજ પેકીંગ રજીસ્ટર રૂ૦ાા= આફ્રીકાનો રૂ ૧)= પુઠું બંધાવવું હોય તો રૂ ૦ાા વધારે

# ગૈબી ખજાનો.

જેની અંદર હમેશાં સાતે વારના જુદા જુદા સાત નકશા અરબીમાં છપાવો તેની પાછળ ગુજરાતીમાં તે જોવાનાં સવાય ફાયદા વી૦ લખ્યા છે અને તેની નીચે જગો ખાલી હોવાથી ખુદાનું એક એક ઇસમ અને તેની ખાસીયત અને ફાયદો લખ્યો છે, જેમકે—

શનીવારનું નકશ જુવે તો તે બીજા શનીવાર સુધી તમામ બલા અને આફતોથી ખુદાની અમાનમાં રહે.

બુધવારનું નકશ જુવે તો લોકોની નજરમાં માનવંત આબરૂવાળો દેખાય.

જુમેરાતના દીવસનુ નકશ જુવે તો દોલત પામે અને તમામ આફતો અને બલાથી ખુદાની અમાનમાં રહે, અને દીન દુન્યાનાં કામ થાય.

દરેક આફતથી નિર્ભય રહેવા અને મોહટી નેઅમતો મળવા માટેનું ઇસમ.

પોસ્ટેજ સુધાં અઢીઆના.

# ઊરદુ હરફમાં નુરેઈમાન.

જેની અંદર મઝહબી કલ્પીત સવાલ જવાબ છે. શીઆહ મઝહબ પાળનાર "અલી રઝા" અને સુન્નત જમાતનો મઝહબ પાળનાર "મોહીયુદ્દીન" નામના કોલેજમાં સીખતા બે છોકરાનો વાદવીવાદછે, છેવટે ઇન્સાફની રૂએ મોહીયુદ્દીને અલીરઝાનો મઝહબ કબુલ કર્યો છે.

એ કીતાબમાં તસવીરો પણ હતી તેથી મોટી હતી પણ તસવીરોવાળી ખલાસ થવાથી તસવીરો વીનાની મંગાવી છે, તસવીરોવાળીનો રૂ ૧ાા રાખ્યો હતો, આનો પોસ્ટેજ સુધાં રૂ૦ાા આફ્રીકાના ૦ાા- છે મરજી પડે તે મંગાવે.

# અમુલ્ય તાવીજ.

## હજારો તાવીજોનું એક તાવીજ.

### ખાસ હરણના ચામડા ઉપર હાથે લખેલુ ઉમદા તાવીજ.

તમામ બીમારીઓથી બચવા, જાદુ દુર થવા જીન પરીથી બચવા, કોલેરા અને વબાથી અમાનમાં રહેવા, હમલને ખલલ ન પહેચવા આપવા, બચ્ચાઓને થતી બીમારીઓ તેઓનુ મરાઇ જવું સસણી દુર થવા, અને મન ઇજ્જતમાં વધારો થવા માટે આ તાવીજ બહુજ જલદી અસર અને ફાયદો કરનાર છે.

આ તાવીજ છાપેલ નથી બલકે ખાસ મોઅમીન શીઆહ ઇસનાઅશરી દીનદાર અને પરહેઝગારના હાથે લખાએલુ છે. આ તાવીજ હરણીની ઝીણી ચામડી ઉપર લખવામાં આવેલ છે.

મજકુર તાવીજ આઠ દસ અમારી પાસે તઇયાર છે, માટે જેને જરૂરત હોય તે કીંમત પહેલેથી મોકલીને મંગાવી લીએ.

એ તાવીજની કીંમત પોસ્ટેજ રજીસ્ટર સુધાં.

નંબર ૧ ના રૂ ૫.

નંબર ૨ ના રૂ ૩ાા

બન્ને તાવીજમાં દોઆ ઇસમ નકશ વી૦ એકજ જાતના છે, ફકત ચામડાં અને લખાણની સફાઇ અને ખુબસુરતીમાં ફેરફાર છે, જમણે હાથે અથવા ગળામાં સારી રીતે મીણી વી૦ માં પેક કરીને અથવા તાવીજમાં રાખને બાંધવું.

# શું નીચે લખેલી બાબતો જાણવી છે ? ! ! !

હઝરતે આદમ અ૦ પૈદા થવાની પહેલે હ૦ અલી અ૦ ની મોહબ્બતનો ઇકરાર લેવો, હઝરતે રસુલે ખુદા અને અલીએ મુરતુઝાનું નુર હઝરતે આદમ અ૦ ની હજારો વરસ પહેલે હેવું, તમામ નબીયોને મેઅરાજની રાતરે હ૦ રસુલે ખુદાએ પુછ્યું કે તમોને ખુદાએ શા માટે મોકલ્યા હતા ? શીઆહ મઝહબ કયારથી નીકળ્યો ? શીઆહ મઝહબ આદમ અ૦ ની પહેલેથીજ છે, શીઆહની ફઝીલત, અહલેબૈત અ૦ ની મોહબ્બતનું ફળ બેહીસ્તના દરવાજા ઉપર શું લખેલું છે ? શીઆહના અર્થ શું ? હઝરતે ઇબ્રાહીમ અ૦ અર્શ પાસે અહલેબૈયતના નુર જોવા, શીઆહનું અપમાન કરવાની સજા, અહલેબયતના દોસ્તો માટે ફીરીસ્તા શું કરે છે ? હ૦ ઇમામે જાઅફરે સાદેક અ૦ ની શીઆહ માટે દોઆ, ઉમ્મતમાં ૩ સીદ્દીક, અર્શ ઉપર શું લખેલું છે ? હ૦ રસુલે ખુદા અને અલીયે મુરતઝાના નુર પયદા થવાની કયફીયત, ખુદાએ પયદા કરેલા બાર હેજાબ, અને એ હેજાબોમાં હજારો વરસ એ બુઝુરગવારોના નુરે કરેલી જુદી જુદી તસબીહ, નુરે મોહમ્મદીથી વીસ દરયા પયદા કર્યા તે દરયાના નામ, કુદરતની કલમે શું લખ્યું? હ૦ રસુલે ખુદા અને જનાબે અલીયે મુરતઝનું નુર દુન્યામાં કેવી રીતે આવ્યુ? અને ઝાલીમોએ તેઓ ઉપર કેવા કેવા ઝુલમ કર્યા અને એ નુરને હોલવવા કેવી કેવી કોશીશો અને ફરેબ કર્યા? હઝરતે હાશમ અ૦ નો જાણવા જેવો અહવાલ, કે જે વાંચવાથી કેટલીક અજાએબ વાતો માલુમ થવા ઉપરાંત આપનું શાદી કરીને મુસાફરીએ જવું અને આપની બીબીને હમલ હતું તેની ખુશહાલી અને બીબી માટે હદીયા વી૦ લઇને પાછું ફરવું પણ કીસમતે મેળાપ થવા ન આપતા રસ્તામાંજ અજલનો જામ પીવો વી૦ બહુજ દીલગીરી ઉપજાવનાર હાલ છે, હ૦ અબદુલમુત્તલીબનો અહવાલ, ઝમઝમનો કુવો ખોદવો, અબરેહા બાદશાહ ખાનએ કાબા ખરાબ કરવા આવ્યો ખુદાએ પંખીયો થકી તેઓનો નાશ કરાવ્યો, હઝરતે રસુલે ખુદાનું નુર હોલવવા યહુદીઓની કોશીશો નીષ્ફળ જવી, હ૦ રસુલે ખુદા સ૦ ની વીલાદત અને પયગમબરી વી૦ નો ટુંક અહવાલ હ૦ અલી અ૦ ને ગદીરે ખુમમાં વસી અને ખલીફા નેમવા, હ૦ અલીને તમામ થઇ બાર વખત ખલીફા જાહેર કરવા, બસરાના સુફી આલીમ સાથે હ૦ ઇમામે જાઅફરે સાદેક અ૦ ના અસહાબ હશ્શામે ઇમામત અને ખીલાફત વીશે સવાલ જવાબ કરીને બસરીને હરાવી દેવો, બારમા ઇમામની હયાતી અને કેટલીક બાબતો, ચઉદ માઅસુમ અ૦ ની વીલાદત શહાદતના સવાલ અને ટુંક અહવાલ, ચાર ખલીફાનો ટુંક અહવાલ, હ૦ અલી અ૦ ની જાહેરી ખીલાફત, માઅવીયા સાથે લડાઇયો અને સુલેહ, અને શહાદત, જાહેલીયતનો ઝમાને; બની હાશમ બની અબ્બાસ બની ઉમય્યહની ઓળખાણ, અને ટુંક શજરો (વંશાવળી) અને બની ઉમય્યહમાંથી થાએલા ખલીફા અને કરેલા કામો, બની અબ્બાસીયોમાંના ખલીફા અને કરેલા કામો છેલ્લે હક મઝહબ પારખવાની ખરી અને ઉમદા કસોટી, ખુદાની ઝાત માટે કેટલી સીફાતો છે અને કેટલી સીફાતો નથી.

આ તમામ બાબતો વાંચવી હોય તો રૂ. ૧। આફ્રીકાવાળાઓએ રૂ. ૧॥= મોકલીને તે કીતાબ નામે "હદીકએ શીઆહ" મંગાવવી.